**સુવિચાર**

"જ્ઞાનથી પૈસાનું નિર્માણ થઈ શકે છે, પણ પૈસાથી જ્ઞાનનું નિર્માણ થઈ શકતું નથી."

:: સૌજન્ય ::

નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭



પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૧/૦૯/૨૦૨૫, રવિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.



SINCE 1999
હરિૐ PENDAWALA
રવિવાર સ્પે.
સ્પે.ઉંધિયુ, ખાંડવી, ઢોકળા, રસપાત્રા, ખમણ
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099



તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૮૧ ભાદરવા વદ-અમાસ વર્ષ : ૧૬ અંક : ૨૩૯


## ચમારડીનાં વતની અને ભામાશા ગોપાલભાઈ વસ્તરપરા આયોજિત યાત્રા આવી પહોંચી

# અમરેલીમાં "સરદાર સન્માન યાત્રા"નું ઉત્સાહભેર સ્વાગત

**શહેરનાં લાઠી રોડ ઉપર વીર હમીરસિંહજીની પ્રતિમાને પુષ્પાહાર અર્પણ કરવામાં આવ્યા**

**કોલેજ ચોક ખાતે દેશનાં વીર સપુતોની પ્રતિમાને પણ પુષ્પાંજલિ અર્પણ કરાઈ**

**સરદાર સર્કલે સરદારની પ્રતિમા બાદ પૂ. હરિરામબાપા, પૂ. ભોજલરામ, પૂ. જલારામબાપા, પૂ. મુળદાસબાપુને પણ નમન કરાયા**

**ડો. જીવરાજ મહેતા ચોકમાં રાજવી પરિવારોનું સન્માન અને સરદારનાં કાર્યોને યાદ કરવામાં આવ્યા**



અમરેલી, તા. ૨૦

બાબરાનાંચમારડીનાંવતની અને સરદારપ્રેમી ગોપાલભાઈ વસ્તરપરા દ્વારા આયોજિત સરદાર પટેલની ૧૫૦મી જન્મ જયંતી નિમિતે બારડોલીથીસોમનાથ સુધીની યોજાયેલ સરદારસન્માનયાત્રાનુઆજેઅમરેલીમાં ભવ્યાતિભવ્ય સ્વાગત કરવામાં આવ્યુ હતુ.

લાઠી રોડ થી શહેરમાં પ્રવેશતી વેળા વીર હમીરસિંહજીની પ્રતિમાને પુષ્પાંજલી અર્પણ કર્યા બાદ સરદાર સન્માન યાત્રા કોલેજ ચોક આવી પહોંચી જયાં દેશના વીર જવાનોને પુષ્પાંજલી , બાદમાં સરદાર સર્કલે સરદાર પટેલની પ્રતિમાને પુષ્પાંજલી અને બાદ પુ. હરિરામ બાપા, પુ. ભોજલરામબાપા, પુ જલારામબાપા, પુ. વાલમરામબાપા અને પુ. મુળદાસબાપુને નમન કર્યા બાદ વિશાળ યાત્રા ડો. જીવરાજ મહેતા ચોકમાં આવી પહોંચી હોય.

જયાં દેશની એકતા અને અખંડિતતા માટે રજવાડુ સોંપી દેનાર રાજવી પરિવારના વંશજોનુ ગોપાલભાઈ વસ્તરપરા દ્વારા સન્માન કરવામાં આવ્યું હતુ.

આ કાર્યક્રમમાં સાંસદ સુતરીયા, પુર્વ સાંસદ કાછડીયા, પુર્વ ધારાસભ્ય પરેશ ધાનાણી, પુર્વ ધારાસભ્ય પ્રતાપ દુધાત, લેઉવા પટેલ સમાજનાં પ્રમુખ ડી.કે. રૈયાણી, દિનેશભાઈ ભુવા, ટીકુભાઈ વરૂ, સહિતના આગેવાનો ઉપસ્થિત રહયા હતા.


Aikyam
એકયમ ન્યુરો સાઈકિયાટ્રી હોસ્પિટલ
ઈમરજન્સી સારવાર ૨૪ કલાક ઉપલબ્ધ..
ડૉ. વિવેક જોષી M.B.(Psy) D.P.M., F.I.P.S.,M.I.A.P.P.
કન્સલ્ટીંગ ન્યુરો સાઈકિયાટ્રીસ્ટ
મગજ, માનસિક રોગો,જાતિય નબળાઈ તથા વ્યસન મુકિતનાં નિષ્ણાંત..
:: લક્ષણો ::
ઉદાસી રોગ
મરવાના વિચાર આવવા
વિચારવાયુ
વહેમ, શંકા
મંદબુદ્ધિ બાળકોની સારવાર
ચિંતા - ટેન્શન
માથાનો દુઃખાવો
જાતિય રોગો
વ્યસનમુકિત : દારૂ,બીડી, તમાકુ, કાલા
સ્થળ : પરમ કોમ્પલેક્ષ, બીજા માળે, ICICI બેંક પાસે, બસ સ્ટેશન રોડ, અમરેલી.
Mo. 97370 28181 | Ph. 02792-224224
મગજના ગ્રાફ (E.E.G.) ની સુવિધા ઉપલબ્ધ...

ન ભૂતો.... ન ભવિષ્યતિ...
ટુ વ્હીલર બેટરી ધમાકા ઓફર
મોન્સુન ધમાકા ઓફર
ટુ વ્હીલર વાહન માલિકો માટે આનંદના ખબર
દરેક ટુ વ્હીલર સેલ્ફ સ્ટાર્ટ વાહનો માટેની બેટરી
Lucas
4 LB માત્ર રૂા.૮૦૦/- મા૪
5 LB માત્ર રૂા.૧૦૦૦/- મા૪
4 LB માત્ર રૂા.૭૦૦/- મા૪
5 LB માત્ર રૂા.૯૦૦/- મા૪
નોંધ : આ ભાવ માત્ર જુની બેટરી પરત કરવાના છે.
દરેક ટુ વ્હીલરની બેટરી હાજર સ્ટોકમાં મળશે.
આ સાથે ૪૮ મહિનાની વોરંટી તો ખરીજ..
અમરેલી જિલ્લાના ડિસ્ટ્રીબ્યુટર
94269 38161 (Since 1995) 76986 55398
જય શ્રી ચામુંડા બેટરી હાઉસ
મેઈન બ્રાંચ: રેલ્વે સ્ટેશન રોડ, ગોપી ટોકીસની બાજુમાં, અમરેલી
બ્રાંચ: લાઠી રોડ, બાયપાસ ચોકડી, અમરેલી

તારીખ : ૨૯-૧૦-૨૦૨૫
લાભ પાંચમથી
ચાલુ કરી રહ્યા છીએ...
naari IVF
"નવી આશા, નવી યાત્રા"
અમે તકનીકી દ્રષ્ટિએ અદ્યતન IVF સારવાર અને સંપૂર્ણ મેડિકલ માર્ગદર્શન આપીને દંપતિઓને માતા-પિતા બનવાનો અવસર પ્રદાન કરીએ છીએ..
નારી હોસ્પિટલ
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
Mo. 78620 37707

નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી - ૩૬૫ ૬૦૧
સુવર્ણ અલંકારોની વિસ્તૃત શ્રેણી અમરેલી શહેરને આંગણે...
જ્વેલરી એક્ઝીબીશન
૨૧ ૦૯ ૨૦૨૫ રવિવાર
સમય : ૧૦:૦૦ થી ૬:૦૦
સ્થળ... સંઘવી AC HALL, બીજા માળે, સ્ટેશન રોડ, અમરેલી.
251/-* થી 92.5 સ્ટર્લીંગ સીલ્વર રીંગ
રાજકોટ બ્રાંચ
નિલકંઠ જ્વેલર્સ રાજકોટ Mo. 95375 25000

### ૧૪થી ૧૫ લાખનું દેવુ થઈ જતાં પરેશાન

# હાય રે આર્થિક મંદી : બાબરાનાં વાવડી ગામનાં યુવકે ગળાફાંસો ખાઈ લીધો

## સ્યુસાઈડ નોટનાં આધારે પોલીસે તપાસ આદરી



બાબરા, તા. ૨૦

બાબરા તાલુકાના વાવડી ગામે રહેતા અને ખેતી કામ કરતા એક યુવકે આજે બપોરે તેમની વાડીમાં આવેલ લીમડા ના ઝાડ સાથે દોરડું બાંધી ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવી લેતા સમગ્ર ગામ અને સમાજમાં અરેરાટી પ્રસરી ગઈ હતી. પરિવાર જાણ થતાં તાત્કાલિક અસરથી વાડી પહોંચી ગયા અને પોલીસને જાણ કરતા દેવળીયા પોલીસ સ્ટેશનના જમાદાર સહિત પોલીસ સ્ટાફ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને મૃતકને બાબરા સિવિલ હોસ્પિટલમાં પીએમ અર્થે ખસેડવામાં આવ્યા હતા.

પોલીસ દ્વારા પ્રાથમિક વિગતમાં જણાવ્યા મુજબ વાવડી ગામે રહેતા અને ખેતી કરી પરિવારનું ગુજરાન ચલાવતા યુવાન નિલેશ વજુભાઈ ગમારા આર્થીક મંદી અને વ્યાજચક્રમાં ફસાઈ જવાના કારણે પોતાની વાડીમાં અંતિમ પગલું ભરી લીધું છે. તેમની ઉપર ૧૪થી ૧૫ લાખ રૂપિયાનું દેણું અને વ્યાજવાળાનો ત્રાસ તેમજ અમુક વ્યકિતને ઉછીના આપેલ નાણાં પરત નહિ આપતા પોતે આર્થિક મંદીમાં આવી જતા આ પગલું ભર્યુ. આગળ મરનાર વ્યકિતએ સ્યુસાઈડ નોટ લખ્યા પ્રમાણે અને વધુ તપાસ પોલીસ દ્વારા હાથ ધરી છે.

### કાંટા ઉદ્યોગમાં ખુશીનો માહોલ

# સાવરકુંડલાનાં કાંટા ઉદ્યોગની વ્યથાને ધારાસભ્યએ કેન્દ્રીય મંત્રી સુધી પહોંચાડી

## કાંટા ઉદ્યોગને પુનઃ ધમધમતો કરી દેવાશે



સાવરકુંડલા, તા. ૨૦

સાવરકુંડલા ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ કાંટા ઉદ્યોગને હાલમાં પડતી મુશ્કેલીઓ અંગે ભારત સરકારના કન્ઝયુમર અફેર્સ મંત્રી નિમુબેન બાંભણિયા સમક્ષ આજે ભાવનગર ખાતે મહત્ત્વપૂર્ણ રજૂઆત કરી.

ગઈકાલે સાવરકુંડલાના વેપારીઓએ ધારાસભ્યને તેમના પ્રશ્નો અંગે રજૂઆત કરી હતી. આ રજૂઆતને ગંભરતાથી લઈ તેઓએ આજે સાવરકુંડલાની ટીમ સાથે ભાવનગર મુકામે કેન્દ્ર મંત્રી સમક્ષ સીધી રજૂઆત કરી.

આ તકે કાંટા વેપારી અગ્રણી વિપુલભા (શ્રીમનાથ સ્કેલ)ના સાથે સીધી ટેલિફોનિક વાતચીત દરમિયાન મંત્રીએ ખાતરી આપી કે ''સાવરકુંડલા કાંટા ઉદ્યોગનું ડેલીગેશન મહેશભાઈ કસવાલાની આગેવાનીમાં આવે એટલે તમામ સંબંધિત વિભાગ સાથે ચર્ચા કરી યોગ્ય અને હકારાત્મક નિરાકરણ લાવવા પૂરતા પ્રયાસ કરવાની ખાતરી દર્શાવી હતી.''

માત્ર એક જ દિવસમાં સ્થાનિક વેપારીઓની રજૂઆતથી રાજય સરકારથી લઈને કેન્દ્ર સ્તરે ચર્ચા કરી ધારાસભ્યએ ઝડપી સંકલ્પ દર્શાવતો આ પ્રયાસ સાવરકુંડલા કાંટા ઉદ્યોગના પ્રશ્નોનું ટૂંક સમયમાં યોગ્ય નિરાકરણ લાવશે એવી આશા છે.

### અનુકંપા ફાઉન્ડેશન દ્વારા સમર્થ વ્યાયામ મંદિરમાં અનોખો કાર્યક્રમ

# સ્પોર્ટસમેન સ્પીરીટથી રાજનીતિમાં કામ કરતાં ગુજરાતનાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ સ્પોર્ટસમેન સાથે કરશે ગોષ્ઠિ

## કાર્યક્રમને સફળ બનાવવા ડો. કાનાબાર, પી.પી. સોજીત્રાનાં નેતૃત્વમાં જબ્બરો ઉત્સાહ









અમરેલી, તા. ૨૦

ગુજરાત રાજયના પ્રથમ મુખ્યમંત્રી ડો. જીવરાજભાઈ મહેતાના પરિવારના જગજીવનબાપા અને હંસરાજભાઈ કમાણી પરિવાર દ્વારા ૧૯૪૦માં ખરીદાયેલ જમીનમાં વાવેલ સમર્થ વ્યાયામ મંદિરના બીજને સ્વાતંત્ર સેનાની બેચરભાઈ પોકળ અને જયંતિભાઈ કોરડીયાએ જતન કરી ઉછેર્યુ જે આજે વર્તમાન ટ્રસ્ટ પ્રમુખ એમ.કે. સાવલીયા, મેનેજીંગ ટ્રસ્ટી ડો. ભરતભાઈ કાનાબાર અને શહેર વિકાસ સમિતિના પ્રમુખ પી.પી. સોજીત્રાનાં પ્રયાસોથી વટવૃક્ષ બની ચુકેલ છે. આ સગવડતાનો અમરેલી શહેરના બાળકોથી લઈ સીનીયર સીટીઝનો–વડીલો સહિત સેંકડો લોકો પ્રતિદિન લાભ લઈ રહયા છે.

પરંપરાગત અખાડાથી શરૂ કરી સમય જતાં જોગીંગ ટ્રેક, ક્રિકેટ ગ્રાઉન્ડ, યોગાસન હોલ અને ટેબલ ટેનીસ કોર્ટની સુવિધાઓ ઉમેરાય. પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયાની ઉદાર ગ્રાંટ અને તે વખતના શહેર વિકાસ સમિતિના પ્રમુખ પી.પી. સોજીત્રાના માધ્યમથી નગરપાલિકા દ્વારા મળેલ આર્થિક અનુદાનથી ઈન્ટરનેશનલ કક્ષાનો બેડમીન્ટન કોટ અને આધુનિક જેન્ટસ અને લેડીઝ જીમના અદ્યતન બિલ્ડીંગોની સુવિધા વધી. હાલ આ વ્યાયામ મંદિરમાં–લોક જીભે બોલાતા અખાડામાં સવારે–સાંજે વોક માટે જોગીંય વે પર આવતાં વડીલો, સ્પર્ધાત્મક પરીક્ષા માટે રનીંગની પ્રેકટીસ કરતાં યુવાનો, વોલીબોલ, બેડમીન્ટન, ટેબલ ટેનીસ જેવી રમતો નિયમિત રમતાં યુવાનો અને વયસ્કો તથા ફીટનેસ માટે જીમનો લાભ લેતાં અસંખ્ય યુવાન મહિલાઓ અને પુરૂષોથી અખાડો ભરચક રહે છે.

અગાઉ નિયમિતપણે બેડમીન્ટન રમતાં અને કયારેક કયારેક ક્રિકેટના મેદાનમાં બેટ ઘુમાવતાં ગુજરાતના સરળ અને નિખાલસ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, અખાડાના મેનેજીંગ ટ્રસ્ટી ડો. ભરતભાઈ કાનાબાર પાસે તેમની મુલાકાત દરમ્યાન વ્યાયામ મંદિરની મુલાકાત લેવાની અને ખેલાડીઓ સાથે મુકત મને ગોષ્ઠિ કરવાની ઈચ્છા વ્યકત કરી હતી.

જેના પરિણામે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ બપોરે ૧૧:૩૦ વાગ્યે અખાડાની મુલાકાત લઈ ખેલાડીઓને મળશે. વિવિધ સ્પોર્ટસમાં ઉત્કૃષ્ઠ દેખાવ કરનારા રમતવીરોને મોમેન્ટોથી પ્રોત્સાહિત કરશે.

મુખ્યમંત્રીના આ કાર્યક્રમને સફળ બનાવવા સમર્થ વ્યાયામ મંદિરના એમ.કે. સાવલીયા, ડો. ભરતભાઈ કાનાબાર, પી. પી. સોજીત્રા, શૈલેષભાઈ સંઘાણી, હિંમતભાઈ સરખેદી, કમલેશભાઈ ગરાણીયા, તરંગભાઈ પવાર, વિરલભાઈ કલકાણી, નિકીભાઈ સોની, કાનજીભાઈ વેકરીયા, ભાવિકભાઈ રાબડીયા, અનિરૂધ્ધભાઈ મહેતા, ભાવેશભાઈ સોની, મહેબુબભાઈ પરમાર, ડો. સંજયભાઈ સોલંકી, ડો. ભરતભાઈ પાડા, પી.એસ.આઈ. કડછા, ડો. પંકજભાઈ ચાવડા, ભાવેશભાઈ મકવાણા, મોન્ટીભાઈ દોશી, વૈદ્ય નીખીલેશ જાની, ડો. પરેશ જોષી, સંજયભાઈ રામાણી, સનીભાઈ મેતલીયા, રમેશભાઈ પેથાણી, આશિષભાઈ મહેતા, અનિલભાઈ ભટ્ટ, ભાવેશભાઈ સોઢા, ધમભાઈ ભાટીયા, ધમભાઈ ગોરખીયા, સંજયભાઈ ટાંક, કૌશિકભાઈ જોષી, ડો. સતાણી , એમ.બી. બાપુ, જે.પી. સોજીત્રા, હિંમતભાઈ સરખેદી, કમલેશભાઈ ભટ્ટ, રાજનભાઈ ગઢીયા, નિલેશભાઈ ધાધલ, વિજયભાઈ ખાતરા, કલ્પેશભાઈ પોપટ, આશિષભાઈ ઝીંઝુવાડીયા, મંથનભાઈ ધાધલ, હાર્દિકભાઈ પટેલ, દિનુભાઈ દવે, અનિલભાઈ ઠાકર, ઉદયભાઈ ઉનડકટ, નિલેશભાઈ ભીંગરાડીયા, શિવાંગભાઈ પંડયા, કિશનભાઈ પંડયા, ધર્મેન્દ્રભાઈ ગોસ્વામી, દીલાભાઈ વાળા, મનોજભાઈ કાનાણી, ધ્રુવભાઈ જોષી, દેવદત્તભાઈ જાની, કિરીટભાઈ દેવમોરારી, ભાસ્કરભાઈ જોબનપુત્રા, આરીફભાઈ શેખ, પાર્થભાઈ જોષી, જયેશભાઈ મારૂ, ભરતભાઈ દાવડા, વિજયભાઈ સરવૈયા, ઈશ્વરભાઈ પટેલ, વિપુલભાઈ મશરૂ, આદમભાઈ રહીશ, સબીરભાઈ દલ, કલ્પેશભાઈ જોબનપુત્રા, દિગ્વિજયભાઈ સોરઠીયા, હાર્દિકભાઈ ભટ્ટ, હિતેષભાઈ ભરાડ, સચિનભાઈ રાવલ, બાળદેવસિંહ ગોહિલ, પ્રદિપભાઈ દુલેરા, વિક્રમભાઈ વાળા વિગેરે જહેમત ઉઠાવી રહયા છે.

### આગામી ૧ વર્ષ પીવાના પાણીની સમસ્યા દુર

# અમરેલી : ઠેબી ડેમ છલકાયો, ૧ દરવાજો ખોલાયો–નીચાણવાળા ગામોને એલર્ટ

## સમગ્ર પંથકની જીવાદોરી સમાન ડેમ છલોછલ



અમરેલી, તા. ૨૦

અમરેલી શહેર અને આસપાસના વિસ્તારો માટે જીવનદાયી ગણાતો ઠેબી ડેમ આખરે છલકાયો છે. ઉપરવાસ વિસ્તારમાં પડેલા સારા વરસાદના કારણે ઠેબી ડેમમાં પાણીની સતત આવક થતાં આજે ડેમ સંપૂર્ણ ભરાઈ ગયો છે. પરિણામે પાણીનો દબાણ નિયંત્રિત કરવા માટે તંત્ર દ્વારા ડેમનો એક દરવાજો ખોલવામાં આવ્યો છે. અધિકારીઓએ માહિતી આપી કે દરવાજો આશરે ૩ ફૂટ જેટલો ખોલાયો છે. જેથી નિયંત્રિત રીતે પાણીનો નિકાલ થઈ શકે.

ઠેબી ડેમનો દરવાજો ખોલાતા નદીના પટ્ટમાં પાણીનો પ્રવાહ વધ્યો છે. તેથી જ તંત્રએ નીચાણવાળા ગામોને એલર્ટ કરી દીધા છે અને સાવચેત રહેવા સૂચના આપી છે. સાથે જ નદીના પટ્ટમાંથી અવરજવર ન કરવા કડક મનાઈ ફરમાવવામાં આવી છે. સુરક્ષાને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા ગામલોકોને જરૂરી સૂચનાઓ પહોંચાડવામાં આવી રહી છે.

ઠેબી ડેમ ભરાઈ જતાં અમરેલી શહેર સહિત આસપાસના વિસ્તારોમાં લાંબા સમયથી રહેલી પીવાના પાણીની સમસ્યાઓ હળવી થવા જઈ રહી છે. નગરજનો માટે આ સમાચાર ખુશીના પળ સમાન છે. પાણીની સગવડ મળતાં આગામી મહિનાઓ માટે શહેરમાં પાણી પુરવઠો સરળ બનશે.

ડેમ છલકાવાના દ્રશ્યો જોવા લોકોમાં ઉત્સાહ જોવા મળ્યો છે. લોકો પરિવાર સાથે ડેમ જોવા પહોંચ્યા છે. તંત્ર તરફથી લોકોને ભીડ ન કરવા અને સુરક્ષા નિયમોનું પાલન કરવા અપીલ કરવામાં આવી છે.

અમરેલીની જીવાદોરી કહેવાતા ઠેબી ડેમના છલકાવાથી ખેડૂતો અને નગરજનો બંનેમાં ખુશીનો માહોલ વ્યાપી ગયો છે. હવે પૂરતો પાણીનો જથ્થો મળતા આવનારા દિવસોમાં શહેરને પાણીની કમીનો સામનો કરવો નહીં પડે.

### આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદની પોલીસ અધિક્ષકને રજૂઆત

# અમરેલીમાં નવરાત્રિ મહોત્સવમાં રોમિયો સ્કવોર્ડ કાર્યરત કરી લુખ્ખા તત્વોને પકડો

## ગેસ્ટ હાઉસમાં સઘન ચેકીંગ કરો, માર્ગમાં અડચણરૂપ દબાણ દુર કરાવો

અમરેલી, તા. ૨૦

અમરેલી એએચપી દ્વારા જિલ્લા પોલીસ અધિક્ષકને પણ પાઠવવામાં આવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, સાંપ્રત સમયમાં સુરત, બગસરા તાલુકાના ગામડે અને હાલ અમરેલીમાં ચિતલ રોડ, પર જે દિકરીના હત્યાના પ્રયાસ થયેલ છે જે ખુબ જ દુઃખની બાબત છે અને હાલ હિન્દુ તહેવારોમાં માં શકિત આરાધનાનો તહેવાર નવરાત્રી આવી રહી છે ત્યારે રોમિયો સ્કોડની ટીમને ફરીવાર સક્રિય કરવા અને પુરા પ્રશાસનને પણ પેટ્રોલીંગ માટે સતત સજાગ રહે.

વધુમાં જણાવેલ છે કે, અમરેલીમાં પવિત્ર નવરાત્રી પર્વ માંને અવાવરૂ જગ્યાએ જેવા કે લાઠી રોડ, અટલ પાર્ક બન્ને બાજુ, કેરીયા રોડ, સંકુલ રોડ, લીલીયા રોડ, ચિતલ રોડ, ડેમના પાળા બાજુ, આવી દરેક જગ્યા પર પેટ્રોલીંગ રહે અને ખાસ કરી હિન્દુ નવરાત્રીમાં હિન્દુ સિવાઈના અન્ય વિધર્મી લોકો ખાસ કરીને અમરેલીમાં લવજેહાદની ઘટના ખુબ જ બને છે તો વિધર્મી લોકો એક પણ પાર્ટીપ્લોટમાં કે જાહેરમાં કે શેરી વિસ્તારોની ગરબીમાં હિન્દુ નામ ધારણ કરી ખોટા દસ્તાવેજી પુરાવાઓ કે આઈ કાર્ડ બનાવીને પ્રવેશ ન કરે તેવી વ્યવસ્થામાં પ્રશાસન સક્રિય રહે.

વધુમાં જણાવેલ છે કે, ઘટના ચિતલ રોડ ભાવકા ભવાની મંદિરે બની તેવી જ ઘટના લાઠી રોડ, પર ગાર્ડનમાં ન બને તે માટે હાલ પણ આવા દશ્યો જોવા મળે છે તો પ્રશાસનની નિષ્ક્રીયતાને સક્રિય કરવી જરૂરી છે.

આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ, રાષ્ટ્રિય બજરંગદળ, વિહિન્દુ પરિષદ, હિન્દુ ધર્મસેના, હિન્દ કેશરી સેના, અમેઘ ગ્રુપ, રખોપા હનુમાન ગ્રુપ, રામેર મંદિર સરદાર ચોક ગ્રુપ, હિન્દસેના, લાઠીરોડ ડેવલોપમેન્ટ કમિટી સદસ્યના કાર્યકતાઓની અલગ અલગ ટીમ પણ નવરાત્રી દરમિયાન સતત સક્રિય રહેશે, કોઈપણ જગ્યાએ હિન્દુ ધર્મોત્સવમાં અડચણ ઉભી કરશે તેવા આવારા લુખા તત્વોને આ ટીમ દ્વારા તેમને ફોન કરી પોલીસ સ્ટેશને મોકલાશે તો કયાય પણ રાત્રીના અન્ય ધર્મના લોકો કયાય અવાવરૂ જગ્યા પર વાહન કે એકાંતમાં કયાંય પણ છોકરા–છોકરી એકલા જોવા મળશે તો તંત્રને ધ્યાન દોરાવવામાં આવશે. સાથો સાથ અમરેલીમાં આવેલ હોટેલ, ગેસ્ટહાઉસમાં પણ રજીસ્ટ્રેશન ફરજીયાત પથીક સોફટવેર નો ઉપયોગ કરવામાં આવે તેમજ સંમયાનતરે સીસીટીવી કેમેરા ચેક એસ.ઓ.જી. દ્વારા કરવા માટે આદેશ આપવો જોઈએ.

વધુમાં જણાવેલ છે કે, અમરેલીમાં રોડ રસ્તાના કામો ચાલુ છે તો અમરેલી માં થી લાઠીરોડ પર ભારે વાહનો એસ.ટી. બસો શિવાય વહેલી તકે પ્રતિબંધીત કરવી તહેવારોના સમયમાં ખુબ જ ટ્રાફિક થાય છે અને અકસ્માતો થવાની શકયતા ખુબજ છે. રાજકમલ ચોક થી ટાવર રોડ, રાજકમલ ચોકથી એસ.ટી. બસ સ્ટેશન રોડ, રાજકમલ ચોકથી નાગનાથ, ફોરવર્ડ, આઈ.ટી.આઈ પર ઉભી રહેતી રેકડીઓ, રિક્ષાઓ, દરેક ભંગારના ડેલાઓ બહાર દબાણો રોડ ઉપર ભંગાર દબાણ હોય તો અત્યારથી દુર કરાવવા એસ.ટી. બસ સ્ટેશન પાસે, આંબેડકરજીના સ્ટેચયુની બાજુ ઉભા રહેતા ફેરીયાઓને હટાવવા ત્યાં અકસ્માત દરરોજ થાય છે ત્યા દબાણ કાયમી ધોરણે હટાવા અંતમાં માંગ કરેલ છે.

### ૧૮૦૦ જેટલા ગ્રાહકો નારાજ

# સાવરકુંડલાનાં નવા ગામ ખાતે ''જીયો'' કંપનીનો ટાવર છેલ્લા ૧૦ દિવસથી બંધ

## મોબાઈલ ગ્રાહકો મુશ્કેલીમાં મુકાયા



સાવરકુંડલા, તા. ૨૦

સાવરકુંડલા તાલુકાના નવાગામ ખાતે જીઓ કંપનીનો ટાવર ઉભો કરવામાં આવેલ છે. કમ સે કમ આશરે ૧૮૦૦ જેટલા કસ્ટમર હોય અને આ કંપનીનો નેટવર્ક ઈસ્યુ ટાવર ૧.૨ આવતા હોય અવારનવાર રજૂ આત કરવામાં આવેલ હોય છતાં કંપની દ્વારા આજ દિન સુધી કોઈ પણ નિરાકરણ આપવામાં આવેલ નથી. જવાબદાર કર્મચારીઓ ફોન ઉઠાવતા ન હોય, કમ્પ્લેન પણ કોને કરવી, કસ્ટમર કેરનો નંબર પણ લાગતા ન હોય એવા સંજોગોમાં ગ્રાહકોને હાલાકીનો સામનો કરવો પડતો હોય છે. કોઈ મરણ પ્રસંગે કે કોઈ આત્મિક બનાવ હોય તો તાત્કાલિક અસરથી ફોન લાગતા ન હોય અને પારિવારિક સમસ્યાઓનો સામનો કરવો પડતો હોય છે. ગ્રાહકોને મસમોટા રિચાર્જ કરવા પડતા સુવિધાનો અભાવ મળે છે. સામાન્યતઃ એક દિવસ, બે દિવસ મુશ્કેલી સમજાય પરંતુ દસ દસ દિવસ સુધી ટાવરની સમસ્યાનો નિકાલ ન થતો તો ગ્રાહકોએ જવું તો કયાં જવું તેવી પરિસ્થિતિ નિર્માણ થવા પામેલ છે. એમ અનિરૂદ્ધ ત્રિવેદીએ એક યાદીમાં જણાવ્યું હતું.


**ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ**

નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.

ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...

જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.

વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.

શ્રીનાથજી કોમ્પ્યુટર્સ

૧૦, પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી

ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪


### ઠેબી નદી ઉપર બનાવવામાં આવેલ

# અમરેલીનાં નાના માચીયાળા ગામનો ચેકડેમ સતત વરસાદથી છલોછલ

## વાહન વ્યવહાર પાણીને લીધે ઠપ્પ



અમરેલી, તા. ૨૦

અમરેલી જિલ્લામાં ગત રાત્રે પડેલા ભારે વરસાદે ગ્રામ્ય વિસ્તારોમાં ચેકડેમો અને નદીઓને છલકાવી દીધા છે. ખાસ કરીને નાના માચીયાળા ગામનો મંદિર નજીકનો ચેકડેમ પાણીથી છલકાયો છે. ભારે વરસાદના કારણે ચેકડેમમાંથી પાણી ઠેબી નદી તરફ વહી રહ્યું છે અને નદી બંને કાંઠે ભરાવ લઈ વહેતી થઈ છે.

ચેકડેમ છલકાઈ જવા છતાં ગામલોકો અને વાહનચાલકો જીવના જોખમે પાણીના પ્રવાહમાંથી પસાર થઈ રહ્યા છે. સતત પાણીના પ્રવાહ વચ્ચે બે–ચકકા, ચાર–ચકકા અને રાહદારીઓ અવરજવર કરતાં જોવા મળ્યા છે, જે કોઈ પણ સમયે મોટી દુર્ઘટનાનું કારણ બની શકે છે. તંત્ર દ્વારા વારંવાર ચેતવણી આપવામાં આવી હોવા છતાં લોકો અસમજદારીપૂર્વક પોતાનો જીવ જોખમમાં મૂકી રહ્યા છે.

ચેકડેમમાંથી પાણીના સતત નિકાલને કારણે ઠેબી નદીમાં પણ પાણીની આવક વધી છે, જેના કારણે અમરેલીના ઠેબી ડેમમાં સારો પાણીનો પ્રવાહ પહોંચ્યો છે. ડેમમાં પાણીની આવક થતા શહેર સહિત ગ્રામ્ય વિસ્તારોમાં પાણી પુરવઠાની ચિંતાઓ હળવી થવાની આશા છે.

પરંતુ હાલમાં નાના માચીયાળા ગામમાં ચેકડેમ પરથી થઈ રહેલો બેદરકારીપૂર્વકનો વાહનવ્યવહાર ચિંતાજનક બન્યો છે. ગામલોકોએ તંત્રને માંગ કરી છે કે તાત્કાલિક પગલા લઈ પાણીના પ્રવાહ વચ્ચે થઈ રહેલી અવરજવર રોકી દેવામાં આવે, જેથી કોઈ અનિચ્છનીય અકસ્માત ન બને.

એક બાજુ પાણીનો પુરતો જથ્થો મળતા ખેડૂતો અને નગરજનો ખુશ છે, તો બીજી બાજુ બેદરકારીપૂર્વકના વાહન વ્યવહારથી સુરક્ષા અંગેની ચિંતાઓ પણ વધી રહી છે.

<u>પ્રકરણ.. ૨૫૨- ૧૯૬૪</u>

**યે મેરા પ્રેમ પત્ર પઢકર કે તુમ નારાઝ ના હોના..કી તુમ મેરી જિંદગી**
**મે ક્યાં કરૂ રામ ..મુજે બુઢ્ઢા .મિલ ગયા ..હાય હાય ..બુ ઢાં મિલ ગયા**
**દોસ્ત દોસ્ત ના રહા ..પ્યાર ..પ્યાર ..ના રહા ..ઝીંદગી હમે તેરા એતબાર**
**આ મેરે સનમ આ મેરે સનમ , દો જીસ્મ મગર એક જાન હૈ હમ, એક દિલ**
**ઈચ લિબી ડીચ ..આઈ લવ યૂ**

**પ્રિય વાચક મિત્રો,**

આવતી કાલથી માં દુર્ગાના પવિત્ર તહેવાર નવરાત્રિનો પ્રારભ થઈ રહ્યો છે, તમામ વાચક મિત્રોને નવરાત્રિની શુભ કામનાઓ. હિન્દુ ધર્મના માં જગદંબાના આ પવિત્ર તહેવારને આજની યુવા પેઢીએ એક નાચ અને વસ્ત્રો પરિધાનની સાથે વ્યભિચાર મય બનાવી દીધેલ છે, આ માટે તેના માતા પિતા દોષિત છે, તમારા સંતાનોને આપણાં તહેવારોની ધાર્મિકતાથી અલગ રાખશો તો આગામી સમયમાં ધર્મનું પતન નિશ્ચિત છે, રાત્રિના મોડે શરૂ થતાં આ નાચ ગાનના આ ફેશન શો બંધ કરવા અને આજની પેઢીને સાચા રસ્તે લઈ જવી તે આજના માતા પિતાની ફરજ છે. સરકાર કશું કરતી નથી તો જનતા એ જાગૃત થઈ આ પાર્ટી પ્લોટો બંધ કરાવા જ જોઈએ તેવું મારૂ માનવું છે, અને હિન્દુ ધર્મની ગરિમા જાળવવી જોઈએ.




હિન્દી સિનેમાની સંવેદનશીલ ફિલ્મ ''સંગમ''ની વાત ચાલી રહી છે, રાજ કપૂરે અહી એક સમાજને તે સમયે બોલ્ડ કહી શકાય તેવો અને આજના સમયમાં આ પ્રશ્નનો કોઈ ઉકેલ નથી તેવો સંદેશ આપ્યો છે, જો લગ્ન પહેલા પતિ કે પત્નીનો અન્ય જગ્યાએ પવિત્ર પ્રેમ સંબંધ બંધાયો છે, તો લગ્ન બાદ તે પહેલા પ્રેમને ભૂલી શકશે નહીં, લગ્ન બાદ પતિ અને પત્નીના શારીરિક સંબંધ એક વાસનામાં રૂપાંતરિત થશે, અને સાચા પ્રેમની અનુભૂતિ થસે નહીં, પણ આત્માના બંધાયેલ પ્રેમમાં શારીરિક સંબંધોનું મહત્વ નથી, તે પ્રેમ અમર હોય છે. જેમાં સમર્પણ અને ત્યાગની ભાવના હોય છે, ગત અંકમાં આપણે સુંદરના યુધ્ધમાં થયેલ મૃત્યુના સમાચારથી ગોપાલ અને રાધા વ્યથિત છે, અને હવે સુંદર હયાત નથી તો ગોપાલ અને રાધા પ્રેમના દોરે બંધાય છે, ત્યાં સુધી વાત કરી હતી, તે સમયે આજની જેમ વ્હોટ શેપ કે ઈનસ્ટાગ્રામના હતા, પણ પ્રેમ પત્રોથી બન્ને પ્રેમીઓ લાગણીઓ વ્યકત કરતાં હતા. અને ગોપાલ રાધાને પ્રેમ પત્ર લખે છે, ''યે મેરા પ્રેમ પત્ર પઢ કર કે તુમ નારાજ ના હોના, કે તુમ મેરી ઝીંદગી હો, તુમ મેરી બંદગી હો'' અને રાધા પ્રેમનો સ્વીકાર કરે છે, બન્નેના લગ્નની તૈયારી પણ થાય છે, ત્યાં જ સુંદર બે વર્ષ બાદ જીવિત નીકળે છે અને ગોપાલ અને રાધાને મળવા આવી પહોચે છે, ગોપાલના મનમાં પહેલીવાર એવી અનુભૂતિ થાય છે કે સુંદર તું જીવિત કેમ રહ્યો ? અને સાથે એક અપરાધની ભાવનાની અનુભૂતિ થાય છે, કે તે મિત્રને આપેલ વચન નિભાવી ના શકયો, હવે મિત્રતા એ પ્રેમ કરતાં વિશેષ છે, તે બતાવવાનો સમય આવી ગયો છે, અને તે રાધા અને તેના માતા પિતાને તે રાધા સાથે લગ્ન કરવા માંગતો નથી તેમ કહી દે છે, પણ રાધા ? રાધા આ સ્વીકારવા તૈયાર નથી , પણ ગોપાલ કહે છે કે તેનો પ્રેમ તે તેના હદયમાં રાખશે પણ મિત્ર ગુમાવી નહીં શકે, અને રાધાના પ્રેમનો સ્વીકાર કરતો નથી, અને અંતે ગોપાલ અને રાધાના લગ્ન થઈ જાય છે, અને સુંદરને યુરોપમાં એર ફોર્સની નોકરી મળે છે, બન્ને યુરોપ જતાં રહે છે, લગ્નની પ્રથમ રાત્રિએ રાધા તેનો ભૂતકાળ ભૂલી જવા માંગે છે, અને સુંદર સાથે એક પતિવ્રતા સ્ત્રી બની તેના ધર્મને સાથે રાખી સુંદર ને જ પ્રેમ આપવા કટિબધ્ધ થાય છે.

## ફિલ્મી સફર
(એક ઈતિહાસ)
**હિતેશ જોશી : ૯૪૨૭૨ ૩૦૫૦૬**

ધીમે ધીમે રાધા અને સુંદર દાંપત્ય જીવનમાં જોડાતા જાય છે, કયારેક મસ્તી મે કયાં કરૂ રામ મુજે બુ ઢા મિલ ગયા, તો કયારેક પ્રણય ઈચ લિબી ડીચ આઈ લવ યૂ .. સાથે યુરોપ ફરી રહ્યા છે, રાધા ગોપાલને ભૂલી રહી છે તેવું તેને લાગે છે, પણ તેના જન્મ દિને તેને ગોપાલ યાદ આવે છે, તે નિરાશ થઈ જાય છે, પણ સુંદર ગોપાલને યુરોપ ઘણા પ્રયત્નો બાદ બોલાવવામાં સફળ થાય છે, અને રાધાની સામે ગોપાલ આવી જાય છે, સુંદર તેમને જોઈ એક ગીત યાદ કરે છે, ''દોસ્ત દોસ્ત ના રહા.. અને ત્રણે વ્યથિત થઈ જાય છે, પણ રાધા ગોપાલને કહે છે કે તે હવે તેના અને સુંદર ના જીવનમાં કદી ના આવે, કહી હાથ જોડી વિનંતી કરે છે, તે સમયે રાધાના હદય પર બહુ ભાર છે, જે પાત્રની સાથે તેનો આત્મા જોડાયેલ છે, તેવા ગોપાલના શરીરને તે દૂર થવા કહે છે, ગોપાલ પણ રાધાના કહેવા મુજબ સુંદરથી દૂર થતો જાય છે, તે સુંદર માટે એક આઘાત સમાન છે, પણ સુંદરને વધુ આઘાત તેના લગ્નના એક વર્ષ થયાના દિવસે જ લાગે છે, જયારે તેના હાથમાં ગોપાલનો લખેલ પ્રેમ પત્ર આવે છે, રાધા તે પત્ર સુંદરને વાચવા દેતી નથી અને તેણે ફાડી નાખે છે, પણ સુંદર તે પત્રના ફાડેલા ટુકડા એકઠા કરે છે, અને તે વ્યથિત થાય છે, તેના અને રાધા વચ્ચે અણબનાવ થઈ જાય છે, ત્યારે રાધા એટલું જ કહે છે'' ઓ મેરે સનમ આ મેરે સનમ દો જીસ્મ મગર એક જાન હૈ હમ ..એક દિલ કે દો અરમાન હમ .. , તન સોપ દિયા મન સોપ દિયા, કુછ ઔર તો મેરે પાસ નહીં, જો તુમસે હૈ મેરે હમદમ ભગવાન સે ભી વો આસ નહીં, પણ સુંદરનો પુરૂષ જાગૃત થઈ જાય છે, તે રાધા પર ત્રાસ આપવાનું શરૂ કરે છે, અને તે પત્ર




જેણે લખ્યો છે, તેને તે મારી નાખશે તેવું કહે છે, લાચાર રાધા ગોપાલને મળે છે, ગોપાલ ઘણા દિવસે સુંદરને મળે છે, અને તે કેહવા માંગે છે કે તે પત્ર તેણે લખ્યો છે, પણ જો સચ્ચાઈ સુંદર જાણશે તો તેનો જીવ આપી દેશે તેવું લાગતાં વાત કરતો નથી.

સુંદર અને રાધા વચ્ચેના તણાવ લઈ રાધા ઘર છોડવાનું નક્કી કરે છે, પણ સુંદર તેને રોકી કહે છે કે, રાધા તે તેને ખુબ જ પ્રેમ કરે છે, રાધાના હદય અને આંખોમાં પણ પ્રેમ જુવે છે. પણ તે પછીના શબ્દો એક પરણિત સ્ત્રી અને પુરૂષ બન્નેને લાગુ પડે છે , જો પુરૂષ બીજી સ્ત્રી સાથે સંબંધ બાંધતો હોય તો તેની પત્નીના આ જ શબ્દો હોય શકે, પણ અહી સુંદરના અંદરનો પુરૂષ કહે છે કે, રાધા તારી આંખોમાં, તારા વહેવારમાં, અને હદયમાં મને પ્રેમ દેખાય છે, પણ જયારે હું તને સ્પર્શ કરૂ છુ, ત્યારે મને અનુભૂતિ થાય છે કે, મારા સિવાય કોઈ બીજા એ પણ આ શરીરને સ્પર્શ કર્યો છે, અને તે વિચાર મને પાગલ કરી કરે છે, (આ શારીરિક આકર્ષણ છે, પ્રેમ નથી, ગોપાલ એ રાધાના લગ્ન બાદ પણ શારીરિક આકર્ષણ વગર રાધાને ચાહે છે, તે પ્રેમ છે.) અને સુંદર આત્મ હત્યા કરવા વિચારે છે, રાધા તેને રોકી લે છે, અને અંતે તે ગોપાલ પાસે આ વિકટ પરિસ્થિતીના ઉકેલ માટે જાય છે. ગોપાલને હવે સુંદરને સત્ય કહેવુ જ જોઈએ તેવું લાગે છે, અને તે સુંદર પાસે જાય છે.

ગોપા સુંદરને કહે છે કે, તે પ્રેમ પત્ર તેણે રાધાને લખ્યો છે, ગોપાલ કહે છે કે, તે પણ રાધાને બચપણથી ચાહતો હોય છે, પણ તે કહી શકયો નહીં, અને તે કહ્યું, તેથી સુંદર હું તારા રસ્તામાંથી નીકળી ગયો, પણ તારા આકસ્મિક નિધનના સમાચાર બાદ હું અને રાધા નજીક આવ્યા, અને લગ્ન કરવા સુધી પહોચ્યા હતા, પણ તે સમયે તારૂ પુનરાગમન થયું, અને હું ફરી તને આપેલ વચન અને દોસ્તી માટે રાધાથી દૂર રહ્યો, અને રાધા તે સમયે ગંગા જેવી પવિત્ર હતી, અને આજે પણ પવિત્ર છે. સુંદર અવાચક થઈ જાય છે, જાણે કોઈ વારંવાર ભીખ આપી રહ્યું છે, તેવું તેને લાગે છે, તે નિર્ણય કરે છે કે તે હવે ગોપલ અને રાધાના વચ્ચેથી નીકળી જશે, રાધા તેનો પ્રત્યુતર આપે છે કે, ગોપાલ સાથેનો પ્રેમ મારો આત્માનો પ્રેમ હતો, અને સુંદર તારી સાથે મારો ધર્મ અને મનનો પ્રેમ છે, સામાજિક રીતે હું તારી પત્ની છું, હું તને છોડી નહીં શકું.

સુંદર કહે છે કે, રાધા તારો અને મારો પ્રેમ એ શારીરિક આકર્ષણ માત્ર હતું, અને તારો આત્માનો પ્રેમ, જે ગંગા અને જમુનાનો સંગમ છે તે કહી ગોપાલનું નામ બોલે તે પહેલા ગોપાલ આત્મ હત્યા કરી લે છે, અને દોસ્તી અને પ્રેમ માટે આહુતિ આપે છે. અંતે સુંદર અને રાધા એક થાય છે. આવી એક એક દ્રશ્યમાં સંવેદના, ત્યાગ, સમર્પણ અને પ્રેમને ઉજાગર કરતી આ ૩ કલાક અને ૫૦ મિનિટની ફિલ્મ સફળ રહી. વિદેશમાં ફિલ્મોમાં ગીત ઓછા હોય છે, અને ફિલ્મ આશરે સવા બે કલાકની હોય છે, છતા આ ફિલ્મ સંગમ વિદેશમાં પણ લંબાઈ ફિલ્મની વધુ હોવા છતા સુપર હિટ રહી હતી. ફિલ્મના અમુક કિસ્સાઓ હજુ બાકી રહી ગયા છે, તેની વાત અને ૧૯૬૪ના ફિલ્મ ફેર એવાર્ડની વાતની સાથે ૧૯૬૫નું ફિલ્મી સફર આગામી અંકમાં આગળ વધારીશું. આભાર.

# * આયુર્વેદ દિવસ *

આયુર્વેદ ચિકિત્સા પદ્ધતિએ આપણી મુળભુત અને પ્રાચીન ચિકિત્સા પધ્ધતિ છે. જે ભગવાન ધન્વતંરિ જેવા અનેક ઋષીમુનીઓ (વૈજ્ઞાનિકો)ના સંશોધન અને અનુભવથી રચાયેલ સનાતન ચિકિત્સા પધ્ધતિ છે. જેનો મુખ્ય હેતુ લોકોને સ્વસ્થ રાખવા અને બિમાર પડે તો તેની સારવાર કરવાનો છે. આયુર્વેદ ચિકિત્સા પધ્ધતિના દિનચર્યા, ઋતુચર્યા, સદવ્રુત વગેરે સિધ્ધાંતોનું પાલન કરવાથી આપણી રોગ પ્રતિકારક શક્તિ વધે છે અને સિઝનલ (ઋતુજન્ય) તથા લાઈફ સ્ટાઈલ જન્ય રોગો સામે રક્ષણ મળે છે અને આપણે નિરોગી – દીર્ઘાયુષ્ય મેળવી શકીએ છીએ. આવા ઉમદા વિજ્ઞાનના પ્રણેતા ભગવાન ધન્વતંરિની જન્મ જયંતિ આસો વદ તેરસ (ધનતેરસ)ના દિવસે આવે છે, જેને ભારત સરકાર દ્વારા 'રાષ્ટ્રીય આયુર્વેદ દિવસ' તરીકે ઉજવવામાં આવતો હતો, પણ આ વર્ષ થી ૨૩ – સપ્ટેમ્બરને આયુર્વેદ દિવસ જાહેર કર્યો છે અને આપણે આ વર્ષે ૨૩–સપ્ટેમ્બરને દશમાં ' રાષ્ટ્રીય આયુર્વેદ દિવસ' તરીકે ઉજવીશું. દર વર્ષે જુદી – જુદી થીમને લઈને આયુર્વેદ દિવસની ઉજવણી કરવામાં આવે છે, જેથી લોકોમાં આયુર્વેદનો પ્રસાર વધે. આ વર્ષની થીમ (AYURVEDA FOR PEOPLE AND PLANET) છે. ૨૩ – સપ્ટેમ્બરેને રાષ્ટ્રીય આયુર્વેદ દિવસ જાહેર કરવાનું કારણ કે આ તારીખે રાત – દિવસ સરખા હોય છે મતલબ કે સમ (belance) હોય છે અહી સમનો અર્થ સમાનતા અને સંતુલન (Equal and Balance) બંને માટે પ્રયોજાયો છે. અને આયુર્વેદમાં પણ સ્વસ્થ વ્યક્તિ કોને કહેવો તેની વ્યાખ્યામા ।।સમદ્રોષ સમાગ્નિ સમધાતુ મલક્રિયા । પ્રસન્ન આત્મા ઈન્દ્રિય મન સ્વસ્થ ઈત્ભિધિયાતે ।। અર્થાત જે વ્યક્તિના વાયુ, પીત અને કફ ત્રણ દોષ સમ હોય, જેના તેર (૧૩) અગ્નિ, (એક જઠરાગ્નિ, સાત ધાત્વાગ્નિ તથા પાંચ મહાભૂતાગ્નિ) સમ હોય જેના રસ, રક્ત, માંસ, મેદ, અસ્થિ, મજ્જા અને શુક્રએમ સાત ધાતુ સમ હોય, જેના મળ, મુત્ર અને સ્વેદ( પરસેવો ) મળો સમ હોય,




તથા જેના આત્મા, ઈન્દ્રીય અને મન પ્રસન્ન છે તે સ્વસ્થ છે.

**।। પંચમહાભૂત ।।**

આયુર્વેદ અનુસાર માનવશરીર સહિત બ્રહ્માંડમાં રહેલા તમામ પદાર્થો પાંચ મૂળ ભૂત તત્વો( પંચમહાભૂત ) ના બનેલા હોય છે. આ પંચમહાભૂત એટલે પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ. માનવ શરીરની રચના અને તેના દરેક અંગોની જરૂરિયાતોને અનુરૂપ આ તત્વો સંતુલિત હોય છે. શરીરના વિવિધ અંગોની વૃદ્ધિ અને




વિકાસનો આધાર માનવી દ્વારા લેવાતા આહાર – ખોરાક પર રહેલો છે. પાંચ તત્વોની મદદથી ખોરાક શરીરમાં દાખલ થાય છે અને અગ્નિ – જઠરાગ્નિથી તે શરીરના તત્વોને પોષે છે. શરીરની માંસપેશીઓ માળખું બનાવે છે જયારે રસ અને ધાતુઓ માનસિક બંધારણ ઘડે છે, જે પંચમહાભૂતના તત્વોના જુદા – જુદા સંયોજન અને સંચયથી તૈયાર થાય છે. આયુર્વેદનો મુખ્ય હેતું જ આ પંચમહાભૂતને સમ રાખવાનો છે.

આમ આયુર્વેદ હેતુ જ વ્યક્તિથી સમાજ, સમાજથી દેશ, અને દેશથી સમગ્ર પૃથ્વીને સમ કરવાનો (સમાનતા અને સંતુલન જાળવવા ) છે, કારણ આપણે વસુધૈવંકુટુમ્બકમ (આખી પ્રુથ્વી મારૂ કુટુંબ છે)ની સંસ્કુતિમાં માનીએ છીએ, અને તેથી ૨૩ – સપ્ટેમ્બરને આયુર્વેદ દિવસ તરીકે જાહેર કર્યો છે..

આજે જયારે આયુર્વેદને વિશ્વ સ્વિકારવા તૈયાર બેઠું છે. ત્યારે આયુર્વેદના મુળભુત સિધ્ધાંતોને આજના સમય પ્રમાણે જોઈએ..

આયુર્વેદએ ભારતીય ઉપખંડની પ્રાચીન ચિકિત્સા પ્રણાલી છે. ભારતમાં તે ૫૦૦૦ વર્ષ પહેલાં શરૂ થઈ હોવાનું મનાય છે. આયુર્વેદ શબ્દ સંસ્કૃત ભાષાના બે શબ્દો આયુ : અને વેદને જોડીને બન્યો છે. આયુ : નો અર્થ જીવન અને વેદનો અર્થ વિજ્ઞાન થાય છે. આ રીતે આયુર્વેદ શબ્દનો અર્થ જીવનનું વિજ્ઞાન એવો થાય છે. ચિકિત્સા પ્રણાલીમાં રોગોની સારવાર પર ધ્યાન અપાય છે, જયારે આયુર્વેદએ તંદુરસ્ત જીવન પર કેન્દ્રિત પ્રણાલી છે. આયુર્વેદનો મૂળ વિચાર એ છે કે તે સારવારની પ્રક્રિયાને વ્યક્તિગત બનાવે છે.


આયુર્વેદ અનુસાર માનવશરીર ચાર મૂળ તત્વોનું બનેલું છે – દોષ, ધાતુ, મળ અને અગ્નિ, આયુર્વેદમાં શરીરના આ ચારેય મૂળભૂત તત્વોનું ખૂબ જ મહત્વ છે. તે આયુર્વેદીક સારવારના મૂળ સિદ્ધાંત અથવા મૂળભૂત આધાર પણ કહેવાય છે.

**।। દોષ ।।**

દોષના ત્રણ મહત્વપૂર્ણ સિદ્ધાંતો છે વાત, પિત્ત અને કફ આ ત્રણેય મળીને શરીરની ચયાપચય સહિતની ક્રિયાઓનું નિયમન અને નિયંત્રણ કરે છે. આ ત્રણેય દોષનં મખ્ય કાર્ય પાચન




થયેલા ખોરાકની બાયપ્રોડકટ (આડપેદાશ) ને શરીરના દરેક ભાગમાં લઈ જવાનું છે, જે શરીરની માંસપેશીઓનું નિર્માણ કરવામાં મદદરૂપ બને છે. આ દોષોનું કાર્ય ખોરવાય એટલે શરીરમાં રોગ ઉત્પન્ન થાય છે.




**।। ધાતુ ।।**

શરીરને જે આધાર – ટેકો આપે છે તેને ધાતુ કહેવાય છે. શરીરમાં સાત કોશમંડળ હોય છે : રસ,રક્ત,માંસ,મેદ,અસ્થિ, મજ્જા અને શુક્ર– જે અનુક્રમે પ્રાણરસ, રક્ત (લોહી), સ્નાયુ, ચરબી, હાડકા, અસ્થિ મજ્જા અને વીર્યનું પ્રતીક છે. ધાતુઓ શરીરને માત્ર મૂળભૂત પોષણ પૂરૂં પાડે છે. અને તે મગજની વૃદ્ધિ અને તેની રચનામાં મદદરૂપ બને છે.

**।। મળ ।।**

મળનો અર્થ થાય છે નકામી વસ્તુ અથવા મેલુ, ગંદુ, અસ્વચ્છ. શરીરના ત્રણ તત્વોમાં તે ત્રીજું છે. મળ ત્રણ પ્રકારના હોય છે : વિષ્ટા (અર્થાત જાજરૂ – ઝાડો – દસ્ત), મૂત્ર (પેશાબ) અને પરસેવો. મળ મુખ્યત્વે નકામી વસ્તુ છે આથી શરીરને તંદુરસ્ત રાખવા માટે મળનો શરીરમાંથી યોગ્ય નિકાલ અનિવાર્ય છે. મળના બે રૂપ છે : મળ અને કિટ્ટ. મળએ શરીરમાં રહેલી નકામી વસ્તુ છે અને કિટ્ટએ નકામી ધાતુ છે.

**।। અગ્નિ ।।**

શરીરની તમામ ચયાપચયની અને પાચન સંબંધિત અન્ય પ્રક્રિયાઓ શરીરમાં જૈવિક રીતે ઉત્પન્ન થતી અગ્નિની મદદથી થાય છે જેને અગ્નિ કહે છે. અગ્નિએ અન્નનળી, યકૃત ( લીવર – પિત્તાશય ) અને માંસપેશી કોષોમાં રહેલો ઉત્પ્રેરક(અર્થાત પાચકરસ) છે.

**।। શરીરરચના ।।**

આયુર્વેદએ શરીર, ઈન્દ્રીયો, મગજ અને આત્માનો યોગ છે. જીવંત માનવી ત્રણ દોષ (વાત, પિત્ત,કફ), સાત મૂળભૂત પેશીઓ(રસ,રક્ત, માંસ,મેદ, અસ્થિ, મજ્જા અને શુક્ર) તથા શરીરના નકામા દ્રવ્યો (જેવા કે મળ,મૂત્ર,પરસેવો) નું બનેલું છે. આમ, સમગ્ર શરીર દોષો, માંસપેશીઓ અને નકામા દ્રવ્યોનું બનેલું છે. શરીરની રચના અને તેના ઘટકોનો આધાર ખોરાક પર રહેલો છે, કારણ કે ખોરાક આ દોષ, માંસપેશીઓ અને નકામા દ્રવ્યોમાં પ્રોસેસ થાય છે. ખોરાક લેવો,ખોરાકનું પાચન થવું,ખોરાક સ્વીકૃત બનવો,ચયાપચયની ક્રિયા થવી વગેરે તંદુરસ્તી અને રોગનો આધાર બને છે.આ તમામ પર મનોવૈજ્ઞાનિક પ્રક્રિયા અને જઠરાગ્નિ (અગ્નિ) ની મહત્વપૂર્ણ અસર થાય છે.

**।। આરોગ્ય અને માંદગી ।।**

આરોગ્ય કે માંદગીનો આધાર શરીરના વિવિધ તત્વો વચ્ચેના સંતુલનના અભાવે અથવા તેની ઊણપ પર રહેલો છે. બાહ્ય અને આંતરિક બન્ને પ્રકારના પરિબળો શારીરિક સંતુલન ખોરવી શકે છે, જેને કારણે રોગમાં વધારો થાય છે. ખોરાકમાં ફેરફાર, અનિચ્છનિય ટેવ અને તંદુરસ્ત જીવનના નિયમોનું પાલન ન કરવાને કારણે શારીરિક સંતુલન જળવાતું નથી. ઋતુગત અસર, અયોગ્ય રીતે કરાતી કસરત કે ઈન્દ્રીયોની ચંચળતા તથા શરીર અને મગજ વચ્ચેની અસંગતતાથી શરીરના સામાન્ય સંતુલનમાં ગરબડ સર્જાય છે. તેનું નિરાકરણ લાવવા માટે યોગ્ય નિયમિત આહાર મારફતે શરીર અને મન વચ્ચેનું સંતુલન સ્થાપવું જોઈએ, જીવનશૈલી અને વર્તન સુધારવું જોઈએ, યોગ્ય દવા લેવી જોઈએ અને રોગને દૂર રાખે તેવી પંચકર્મ અને રસાયણ થેરપીની મદદ લેવી જોઈએ.

**મર્મ બિંદુ :** ખાસકરીને વિશ્વની મહાસતા બનવાની દોડમાં કહેવાતા વિકાસશીલ દેશોએ પ્રકૃતિની ઘોર ખોદી નાખી છે, જયારે કોઈપણ વ્યક્તિ, સમાજ કે દેશ પ્રજ્ઞાપરાધથી સારા – નરસાનો ભેદ ભૂલી જાય છે અને પ્રકૃતિ વિરૂદ્ધનું વર્તન કરે છે. જેમ કે ન ખાવાનું (સાપ, ચામાચિડિયા, ઉંદર, ગર્ભ ભ્રુણ) ખાય છે, પોતાના સ્વાર્થને લીધે બીજાનું અસ્તિત્વ સમાપ્ત કરતા પણ અચકાય નહિ અને જૈવીક (biological), રાસાયણિક (chemical) હથિયારો બનાવી પંચમહાભૂત (આકાશ, વાયુ, જળ, પૃથ્વી અને અગ્ની ) ને દુષિત કરી પૃથ્વીનું સંતુલન બગાડી નાખે છે અને જેના પરિણામે આવા કોરોના જેવા વાયરસ તેનો




ફેલાવો કરે છે..

આજે પણ આવા એકપણ વાયરસનું ઉત્પત્તિસ્થાન ભારત રહ્યું નથી કારણ આપણે વસુધૈવકુટુમ્બકમ (આખી પૃથ્વી મારૂં કુટુંબ છે)ની સંસ્કૃતિમાં માનીએ છીએ.. અરે માણસ જ નહિ જીવ માત્રમાં દયાભાવ અને તેનું અસ્તિત્વ ટકીરહે તેવા પ્રયત્ન કરીએ છીએ, તુલસી કયારે આપણે સવાર – સાંજ ઘીનો દીવો એટલે જ કરીએ છીએ કે વાતાવરણમાં એવા કેટલાય સુક્ષ્મ જીવો હોય છે જે વાતાવરણને શુદ્ધ બનાવતા હોય છે અને કોરોના જેવા વાયરસ સામે રક્ષણ આપતા હોય છે આ સુક્ષ્મ જીવોનાં અસ્તિત્વ માટે ઘી ના દીવામાંથી નીકળતી ધુમ્રસર આ જીવનું પોષણ કરે છે.. કીડી જેવા જીવનું પણ મહત્વ સમજી કિડીયારૂં પૂરનારો આ દેશ કોઈપણ વિકટ પરિસ્થિતિમાં મુંજાય નહિ.

# । રામ બ્રહ્મ ચિન્મય અવિનાસી, સર્વ રહિત સબ ઉર પુર વાસી ।

બોલ્યા, “તેં દુનિયામાં જન્મ લઈને શું ઉપકાર કર્યો ?” જવાબમાં તેમ કહ્યું, “કાંઈ નહીં.” પરંતુ તે વખતે મનમાં ખૂબ લાગી આવ્યું.એવા ન વેણ કાઢો કે દિલને ઠેસ વાગે કારણ વાણી પર આધાર છે બધે માનવીનો, આ પણ ભગવત્ કૃપાનું જ એક પાસું છે. મોઢે મીઠું બોલનાર વ્યકિતના અંતઃકરણમાં શું છે એ જાણવા મળ્યું. જે વિષયથી હું અજાણ હતી તે વિષયનું ભગવાન જાણે મને ભાન કરાવતા હતા. આજે પણ દર વર્ષે જન્મદિવસ આવતાં આ પ્રસંગ યાદ આવી જાય છે.

આ પ્રસંગ પરથી ભગવાનના શબ્દો તાજા થાય છે,

“અપને કો બૂરા લગે વહ દૂસરોકો ન દો.”

એ દિલ તૂ કિસી કુલ પર પત્થર ન ઉછાલ

કયોંકિ જન્મ લગ જાતા હૈ એક જખ્મકો મિટાનેમેં માનો એક ભકિતકર નાતા...ગુનાના રહેવાસી બે હરિજનભાઈઓ ખૂબ જ ભકિતભાવ પૂર્વક નેત્રયજ્ઞમાં સેવા આપતા રહ્યા છે, જેમનું નામ શ્રી હજારીલાલ તેમજ શીવચરણ છે. અહીં તેમણે ભગવાન પાસે કંઠી તેમજ મંત્રની માંગણી કરેલી. ભગવાને તેમને ખૂબ જ પ્રેમથી કહ્યું, “મૈં તુમ્હે અવશ્ય મંત્ર દૂંગા.” નેત્રયજ્ઞ બાદ ભગવાન તેમને ઘેર ગયા. કંઠી મંત્ર આપીને ત્યાં પ્રેમપૂર્વક ભોજન પણ સ્વીકાર્યું. આ રીતે પપરેંદા ગામમાં પણ ચમાર જાતિના દીકરી જેમનું નામ સુખદૈયા છે તેમને પણ શ્રી રામમંત્ર આપી શરણમાં લીધા છે. ભગવાન પાસે દરેક જ્ઞાતિના ભાઈ બહેને આવતા અને કોઈપણ આગ્રહ વિના ભગવાન તેમની રૂચિ પ્રમાણે ઈષ્ટ મંત્ર આપતા જેમ કે મનહરભાઈ જૈન જ્ઞાતિના હોવા છતાં રામ ભગવાનને ઈષ્ટદેવ માનતા હોવાથી તેમને રામમંત્ર આપે છે પરંતુ તેમના બાપુજી જૈન ધર્મમાં ૠચિ ધરાવતા હેવાથી તેમને શ્રી મહાવીર ભગવાનને મંત્ર આપેલો, એ જ રીતે એક બહેન ભગવાન પાસે આવે છે તેઓને ત્યાં સ્વામી નારાયણ સંપ્રદાય મનાતો. તેમના બાપુજીને ત્યાં શ્રી જલારામબાપા પ્રત્યે વિશેષ શ્રદ્ધા ધરાવતા અને તે બહેન ભગવાનમાં સારી એવી શ્રદ્ધા ધરાવતા હોવાથી જયારે પણ તેઓ આવતા ત્યારે ભગવાન તેમને કહેતા, “જય સ્વામીનારાયણ, જય જલારામબાપા, જય ગુરૂદેવ.” આ રીતે તેમની ભાવનાને ટેકો આપી દઢ બનાવતા બાકી તો,

રામ અતકર્ય બુધ્ધિ મન વાણી, મત હમારા ઉસ સુનહુ ભવાની ।

ધરમ ન દૂસર સત્ય સમાના... સત્ય

પરહિત સરિસ ધર્મ નહીં ભાઈ પરોપકાર

પરમધર્મ શ્રુતિ વિદિત અહિંસા. અહિંસા.

તે પ્રમાણે માનવ ધર્મ જ મુખ્ય છે. ભગવાન કહેતા, “મૂર્તિ, માલે ઔર મંત્ર ન બદલે, અપને અપને ઈષ્ટ મેં પૂર્ણ નિષ્ઠા રખે.” ભકિત માર્ગમાં સાધકને કહેતા, “ પહલે ઈષ્ટ નક્કી કરે. ઈષ્ટસે નાતે

## અહૈતુક કૃપા



### પ.પૂ. રણછોડદાસજી મહારાજ (પૂ.ગુરૂદેવ)


સંપાદક : મહેન્દ્ર સી.જોષી

મો.૯૪૨૮૪ ૫૯૩૫૯ (નિવૃત કેળવણી નિરીક્ષક)

સૌજન્યઃ પ.પૂ.કુ.રમાબેન પુરૂષોતમભાઈ હરિયાણી

(અહૈતુક કૃપા-પુસ્તકમાંથી)




જોડે. ફિર શ્રધ્ધા ભાવ સે ઉનકી સેવા કરે ફલ અવશ્ય મિલેગા,” તેમજ એમ પણ કહેતાં કે, “ગુરૂ એકદેશીય નહીં હોતે હૈ. ગુરૂવ્યાપક તત્વ હૈ. પાનીકા રૂપ કૈસા ? જીસ પાત્રમેં ડાલે વૈસા. ઈસી પ્રકાર પાત્રકે ભાવાનુકૂલ મૂલ તત્વ પરમાત્મા સગુણ સ્વરૂપ ધારણ કરતે હૈ.”નેત્રયજ્ઞ પૂરે થતાં ભગવાન અનંતપુર પધાર્યા. અનંતપુર વિષે છતાં ભળેલું ઘણું પણ જેયેલું નહીં અને તે ગામ તથા ત્યાંના રહેવાસીઓ ભગવાનને અતિપ્રિય હોવાથી જોવાની ઈચ્છા હતી.

અતિપ્રિય મેહિ યહાં કે બાસી.......ભગવાનને ઈચ્છા દર્શાવતાં તેઓ મને સાથે લઈ જવા ઈચ્છતા હતા તે સ્પષ્ટ જણાતું હતું પરંતુ અમુક લોકો દ્વેષ કરશે એ હેતુથી પિતાની ગાડીમાં સાથે ન લઈ જતાં બીજે દિવસે બસ દ્વારા આવવા કહ્યું. મારા અનંતપુર જવાની જાણ થતાં તે જ બહેને ભગવાનને આપવા પત્ર આપે. અનંતપુર પહોંચી શ્રી ચરણમાં પ્રણામ કરી પત્ર આપી દીધો. પત્ર વાંચ્યા બાદ હસીને કહ્યું, “તુમ કયા લાઈ હે માલૂમ હે ? રમા, સુમ શુરૂસે ઈર્ષ્યાકા પાત્ર બન ગઈ હૈ, ખષ્ટીયા, પપરેંદા કી સારી બાતે તુમને ઈસકો બતાયી હૈ ?”મેં આશ્ચર્ય સાથે કહ્યું, મૈને તે ઉનકે કુછ નહીં બતાયા. “ તો ફિર ઈસકે સબ બાતે કૈસે માલુમ હુઈ ?” ત્યારે તે હું બધાને ઓળખતી નહીં તેથી મને ખબર ન પડી. સમય જતાં જાણવા મળ્યું. મનહરભાઈ ખષ્ટીયા, પપરેંદા દરેક પ્રસંગમાં હાજર હતા તેથી તેમને બધી વાતની ખબર હતી. તેમણે મુંબઈ ગુરૂભાઈઓને એક જીવ પર ભગવાનની પરમકૃપાનું દર્શન કરાવવાના ભાવાર્થે બધી વાત કરેલી. તે દિવસેમાં મુંબઈથી એક ભાઈને પત્ર પણ જયપુર ખુશી વ્યકત કરતો આવેલો તે યાદ આવ્યું અને તે ભાઈ દ્વારા આ બહેનને બધી જાણ થયેલી.રામ જન્મકે હેતુ અનેકા, પરમ વિચિત્ર એક તે એકા ।અનંતપુરમાં ભગવાન ત્યાંના ગ્રામવાસીઓ સાથે બેસી આત્મીયતાથી સાધારણ વાતો પણ કરતા. કયારેક ખેતરમાં જઈ બેસી જતાં અને રમેશભાઈને ખેતી વિષે યોગ્ય સૂચનાઓ પણ આપતા અને નેત્રયજ્ઞમાં જરૂર પડતાં અધિકારપૂર્વક ઘઉંની ટ્રક પણ મંગાવી લેતા. રમેશભાઈ પણ પરમ આજ્ઞા પાલક છે. આ રીતે અનંતપુરમાં ભગવાનનું જૂદું જુદુ સ્વરૂપ જોવા મળ્યું. રમેશભાઈનું કુટુંબ ભગવાનને “મામાજી” તરીકે સંબોધન કરતું. બાકી ત્યાંના નાના બાળકે “આમબાબા” કહેતા. કારણ કેરીની સીઝનમાં ભગવાન કેરી લઈ જતાં અને બાળકોને વહેંચતા. (૩૮) કરિય કૃપા શિશુ સેવક જાની એક દિવસ અનંતપુર રહી, મેટર દ્વારા ચિત્રકૂટ જવા રવાના થયા રસ્તામાં બાન્દાથી ભગવાને પત્ર લખ્યો.શ્રી રામચંદ્રાય નમઃપ્રિય હરિયાણી સાદર આસીસ,મેરા સ્વાસ્થ સાધારણ હૈ, પર ચિન્તા નહીં રમા મેરે સાથી ઝરિયા જા રહી હૈ ઉસકી ચિન્તા ન કરના વહ ખૂબ સેવા કરતી હૈ જબ સમય મિલતા હૈ તબ સબકો આસીસ કહના શેષ કુશલ.

રણછોડદાસકા આસીસ

ચિત્રકૂટમાં

એક દિવસ પ્રસંગોપાત્ ભગવાને કહ્યું, “રમા, તુમ કિતની અચ્છી હૈ.” મેં હસતાં હસતાં કહ્યું, ભગવાન, ઝગડતી હૂં તબ કૈસી કડવી લગતી હું ? તે લખીને આપ્યું, “કડવી તુમડી ભી તો હૈ પર કિતને કામકી હૈ સાધુઓકે ઉસકે બિના એક ક્ષણ નહીં ચલતા.”જયપુરથી બાપુજીને પત્ર આવેલો. ભગવાનને તેમના પ્રણામ કહેતાં પૂછયું, “તુમકે જયપુર તો નહીં ખૂલા રહે હે ?” મેં ના જણાવી અને બાપુજી પાસે ૧૫૦ રૂ. મંગાવુ છું એમ જણાવતાં કહ્યું, “હાં હાં રામ કીન્હ ચાહહિં સો હોઈ, કરૈ અન્યથા ઉસ નહિં કોઈ । મંગવા લો.” ત્યારે તો હું ન સમજી શકી કે કયા ભાવથી કહે છે. પછી જણાયું કે નારાજ થઈ મંગાવવા કહેલું. ઝરિયા આવવા બાબત પૂછતાં જવાબ આપ્યો, “અરે બાબા, ઝરિયાકા તો પૂછો હીં નહીં તુમકો પલના હી હૈ.”તા. ૨૦/૩/૬૩ના રોજ ઝરિયા પહોંચ્યા. ધનબાદ કુસુન્ડા ગામે હેવાનું હતું. બીજા દિવસે ૧૦૮ નવાહ્ન પારાયણને કાર્યક્રમ યોજાયો હતો. ગુરૂભાઈ–બહેને સાથે મારે પણ પાઠમાં બેસવાનું હતું. બહેને કેસરી સાડી અને ભાઈઓને કેસરી ટોપી પહેરવાનું ભગવાનના સૂચનથી નક્કી થયેલું. નવ દિવસ ખૂબ ધામધૂમથી ભગવાનના સાનિધ્યમાં નવાહ્ન પાઠ થયા. ચિત્રકૂટથી ઘણું સાધુ સંતો પધારેલા.એક દિવસ ભગવાને મને બેલાવી સો રૂપિયા આપ્યા. મેં લેવાની ના કહી અને જણાવ્યું બાપુજી પાસે મંગાવ્યા છે, હમણાં મને જરૂર નથી. તે સાંભળી કડક અવાજે બોલ્યા, “મૈં કહેતા હું ન લે લે.” હું વધારે બોલી ન શકી. આ વખતે પહેલી જ વાર આ રીતે બે મહિના સુધી સાથે રહેવાનું તેમ જ આટલા ગામ ફરવાનું બનેલું. મારી પાસે ત્રણ ચાર સાડીથી વધારે ન રાખતી. હવે સાડીની જરૂર હતી. મેં મારા હાથે ક્યારેય ખરીદી કરેલી નહીં તેમજ પૈસા પણ ન હતા. અતિ જરૂર હોવાથી ભગવાનના આપેલા સો રૂ.માંથી એક સોળ રૂ. ની સાડી તેમજ ચાર રૂ. ના બે બ્લાઉઝ પીસ ખરીદી લાવી તો ખરી પણ આખો દિવસ વીસ રૂ.માં આટલી જ ચીજો ? એમ થયા કર્યું. અંત–પર્યામી ભગવાને મનની વાત જાણી સાંજે મને બોલાવી કહ્યું, “રમા જો ચીજકી જરૂરત હો લે આને ઔર આનંદસે રહના.” ગભરાતા અવાજે લાવેલ ચીજેની જાણ કરી તે ખુશી વ્યકત કરતાં કહ્યું, “બહુત અચ્છા હુઆ ઔર ભી કુછ લાના હે તે જરૂર લે આના.” મેં કહ્યું, “ભગવાન, પિતાજીકા મનીઓર્ડર આ જાને પર મેં આપકે યહ પૈસે દે દૂંગી.” તો કહે, “પાગલ હો કયા ?બીજા દિવસે ભગવાન સમૂહમાં સાંજે બગીચામાં બિરાજતા હતા. તે વખતે એક નાનું ભજન જે મને અતિપ્રિય છે એ લખીને આપ્યું. ત્યારે તો કાગળ વાંચીને ફાડી નાંખે. ભજનના શબ્દો હતા.

તારી મીઠી મુલાકાત રામ દેવી પડશે

તારી અંતરની વાત મને કહેવી પડશે....

# ‘‘અખૂટ તાકાત આપણા અંતરની’’

## સુખી અને સાર્થક જીવનનું રહસ્ય




ડો. ધીરજકુમાર વ્યાસ

મો. ૯૪૨૭૨ ૪૪૨૫૧ (એડવોકેટ)

બગસરા


એક કાનુની શિબિરમાં સ્ત્રીઓની સભામાં ‘ આપઘાત નિવારણ’ અંગે વાત કરી રહ્યો હતો. અખબારોમાં આવતા આઘાત અને એકસીડન્ટના બનાવોના સમાચાર અત્યંત દુઃખદ છે. કોઈપણ લડાઈ કરતા દેશમાં આપઘાતથી માણસો વધુ મૃત્યુ પામે છે. સમાચાર રસ્તા ઉપરના અકસ્માતો. પણ ચિંતા ઉપજાવે છે આ બન્ને બાબતોનું નિવારણ આપણે – આપણી સરકાર કરી શકે. બહેનો એક નાનકડા પ્રશ્નો માટે જીવ આપવા દોડી જાય છે. જિદગીની મુશ્કેલીઓ સામે અંતરની તાકાતથી લડવું જોઈએ સીતાજી ઉપર કેટલું દુઃખ આપ્યું ? દ્રૌપદી જેવી સ્ત્રીઓ કેવા દુઃખો સહન કર્યા. ભગવાન કૃષ્ણનું જીવન જુઓ કોઈએ આપઘાત કર્યો નથી. આપઘાત માફ ન કરી શકાય તેવું પાપ છે. એક બહેને પ્રશ્ન કર્યો. તમે જે વાત કરો છો તે બધા ભગવાન હતા. અમે કોઈ ભગવાન નથી. નથી અમે કોઈ સંત મેં કહ્યું તમારી વાત સાચી છે. આપણે સંત નથી. પરંતુ આપણે સંતો પાસેથી પ્રેરણા તો લઈ શકીએ. ભારતના સ્ત્રી રત્નો પુસ્તકો વાંચે તેમાં બધી આવતી સ્ત્રીઓ છે. આપણી પાસે પુષ્કળ સત્મકથાઓ છે. આપણી પાસે વાંચવાનો સમય નથી કોઈ સાથે વાતો કરવાનો સમય નથી મોબાઈલમાં પણ ઘણી સારી વાતો આવે છે. વાસ્તવિક જીવનમાં નજર કરશો તો ખ્યાલ આવશે જીવન ઘણું સુંદર છે. આપઘાતથી કોઈ પ્રશ્નનો ઉકેલ નથી મૃત્યુ બધા માટે દુઃખકારક છે. કોઈ પણ મોટી સત્તા ઉપરના વ્યકિતને ડોકટર કહે કે તમને લાસ્ટ સ્ટેજનું કેન્સર છે છ માસ તમારી પાસે છે. તો એ બાકીનું જીવન કેમ જીવશે ? મૃત્યુના સમયે જીવનની કિંમત સમજાય છે કેટ કેટલું કહેવાનું રહી ગયું. ત્યારે જીવવા માટે મોડું થઈ ગયું હોય છે આજે જ નક્કી કરો કે મૃત્યુ ચોક્કસ છે સૌ સાથે પ્રેમથી શાંતિથી હેત પ્રેમથી રહીએ. બધા માણસો સારા લાગશે. સ્વજનો પ્રિય લાગશે. જીવનની વર્તમાન સારા લાગો સ્વજનો પીડા ભૂલવા સુંદર પુસ્તકો વાંચો વાંચન દ્વારા જીવનનો અર્થ શોધો. જે લોકો જીવી ગયા છે. તેઓ આપણને પ્રેરણા આપે છે. તેઓ સંઘર્ષ અને પીડાને કેમ હરાવી અત્રે એક સામાન્ય જીવનની એક સામાન્ય પરિવારની સ્ત્રી અંતરની અખૂટ તાકાતથી કહે છે મારે કંઈક બનવું છે મારે ભણવુ છે. જે જમાના કોઈપણ સ્ત્રી ઘર બહાર પગ મૂકે તો આખો સમાજ તેનો તિરસ્કાર કરે. ટમટમતો એક તારો બનીને ચાલો. અંતરના અજવાળે એક દિપ બનીને ચાલો ચાલતા રહો...!

આજે પણ ઘણા મા–બાપ દીકરીઓને ભણાવતા નથી. ભણાવવા માટે પ્રેરણા મળે તેવા ચરિત્રો વાંચવા નથી. સૌ પ્રથમ તો વ્યકિત પોતે જ નિર્ણય કરવો જોઈએ કે મારે કંઈક બનવું છે. અહીં ટૂંકમાં એક ભારતીય નારી અમેરિકામાં જઈ ડોકટર બની તે વાત કરવી છે. વધુ વિગત યુ–ટયુબમાં સર્ચ કરી શકાશે. ડો. રંજનાબેન હરિશના ‘આત્મકથાના દર્પણમાં નારી’માં પણ જાણવા મળ શે.

૯ વરસની બ્રાહ્મણ કન્યા નામ આનંદીબાઈને પરણનાર ૨૯ વરસનો બીજવર ગોપાલરાવ જોશી પુરૂષ સુધારા વાદી હતો મુંબઈના થાણેમા પોસ્ટ માસ્તરની નોકરી પત્નીને આગળ અભ્યાસ કરાવવાનો આગ્રહી જમાનો અત્યંત રૂઢિચુસ્ત. તે જમાનામાં સ્ત્રી ચંપલ પણ ન પહેરતી. ઈ.સ. ૧૮૮૦ આસપાસ સ્ત્રી શિક્ષણના હિમાયતી પૂરૂષોએ ખૂબ પ્રયત્ન કર્યો છે. મહર્ષિ કવિ રમાબાઈ રાનડેના પતિ જંસ્ટીસ રાનડે સમાજ સુધારાની પ્રવૃત્તિઓ કરતા હતા ૧૮૮૩માં અમેરિકા ભણવા જવા પોતાના કોલેજ હોલમાં પ્રવચન કર્યુ. હિન્દુ સમાજને કહ્યું. મારે ડોકટર બનવા અમેરિકા જવું છે. પૈસાની જરૂર છે. છાપામાં સમાચાર આપ્યા. વાઈસરોય ૨૦૦ રૂપિયાનો ફાળો આપ્યો. લોકમાન્ય તિલકે ૧૦૦ રૂપિયાનો ફાળો આપ્યો. પ્રોત્સાહનના શબ્દો કહ્યા તમે ભારત માતાના મહાન પુત્રી છો. ચારેબાજુ અપમાનો થયા હિન્દુધર્મમાં ઘણા રૂઢિચુસ્તોએ બહિષ્કાર કર્યો. ગાંધીજીનો પણ બહિષ્કાર કયો હતો. આનંદીબેને ૯ એપ્રિલ ૧૮૮૩ના દિવસે અમેરિકા ગયા. અમેરિકન મિશનરી કાર્પેન્ટરે અટક ધરાવતા કુટુંબે મદદ કરી. ઘણા સંઘર્ષ બાદ એમ.ડી.ની ડીગ્રી લીધી. માતૃભૂમિમાં સેવા કરવા ભારત પાછા ફર્યા. હિન્દુ સમાજની ચુસ્ત વાડાબંધીએ પંડીતા રમાબાઈ સરસ્વતી અને આનંદી બાઈ સમાજની કનડગતથી હારીને લડત કરી પણ સમાજના વડાઓઓને કંઈ પડી ન હતી. ચારેબાજુથી અપમાનો વચ્ચે આંનદીબાઈ બિમાર પડયા. આર્થિક સ્થિતિ ખરાબ થઈ પણ કોઈ મદદે ન આવ્યું આનંદીબાઈને કોલ્હાપુર આલ્બર હોસ્પિટલમાં નોકરી મળી. પરંતુ શરીર અશકત થયું. નોકરી કરી શકયા નહિ. આસપાસના હિન્દુ વૈદ્યોએ ડોકટરોએ સારવારની ના પાડી. નિષ્ઠુર સમાજે આવી વિદુષી સ્ત્રીને ગુમાવી. વર્ષ ૧૮૮૮માં પ્રકાશિત “ધ લાઈફ ઓફ આનંદીબાઈ જોશી”ના લેખિકા કેરોલીન હેઈલી ડોલેન. અમેરિકામાં લેખિકા મળેલા. વ્યકિતત્વથી પ્રભાવિત થયા હતા. એક સામાન્ય ભારતીય સ્ત્રી અને પતિએ કરેલા જ્ઞાનયજ્ઞની રસપ્રદ વાત છે. ૨૨ વરસની વયે એમ.ડી. કરનાર સ્ત્રી મદદના અભાવે ચીર નિદ્રામાં પોઢી ગયા. રાણી વિક્ટોરિયા એ ટેલિગ્રામ કરી પ્રશંસા કરી હતી. (અપૂર્ણ)

# ‘સમજણ એ જ નારાયણ’

## ‘‘પાંખ ઊછીની મળે છે કયાં અહીં ? ઊડવાના લાખ અવસર હોય છે.’’

– અરૂણ દેસાણી

બાળપણથી જ આદરણીય શાહબુદીનભાઈ રાઠોડની કેસેટો ખૂબ સાંભળી છે. તેમના પુસ્તકો વાંચ્યા છે મર્યાદાનો સ્તર ઊંચા રાખીને, સહકુટુંબ સાથે બેસીને માણી શકાય એવું અર્થસભર હાસ્ય પીરસવાની તેમની કળા અદ્દભુત છે. ગોડગી ફટડે આ સમર્થ હળવો બનાવ્યો છે, એટલો જ માર્મિક વાતોથી ચિંતનશીલ પણ બનાવ્યો છે. મે તેમના મારી કોલમમાં અનેક–અનેક દષ્ટાંતો અવારનવાર ટાંકયા છે. એવું જ એક દષ્ટાંત એક પ્રખ્યાત સંગીતકારને કોઈ જઈને પ્રશ્ન પૂછે છે કે ‘મારે આપનાં જેવું સંગીતકાર બનવું હોય તો કેટલો સમય લાગે ?’ તો એ સંગીતકાર જવાબ આપે છે કે ‘યંગ મેન તમને હજુ દસેક વર્ષનો સમય તો લાગશે જ !’ આગતૂક કહે છે કે આપે તો માત્ર આઠ–નવ વર્ષની ઉંમરે જ આ સિધ્ધિ અને સફળતા મેળવી લીધેલી ત્યારે




યોગેશ ભટ્ટ

(બી.એ.એલ.એલ.બી)

મો. ૯૯૨૪૦૧૩૪૬૪ – અમરેલી


સંગીતકાર બહુ સરસ જવાબ આપે છે કે ‘‘યંગમેન હું આપની જેમ કોઈને પૂછવા ન હોતો ગયો !’’

જીવન અપાર શકયતાઓથી ભર્યુ છે ! અહિંયા, આવડત, તત્પરતા અને તૈયારી હોય, કોઈપણ કામ પ્રત્યે હદયથી લગાવ અને ખેંચાણ હોય, તેનાં માટે ભોગ આપવાની ઘસાઈ જવાની મકકમતા અને સંપૂર્ણ તૈયારી હોય ! સો ટકા ઉપર પ્રદાન આપવાની તાલાવેલી અને જીદ હોય તો આકાશે ઊડવાનાં અવસરો તો અનેક તૈયાર થઈ જતાં હોય છે ! જરૂર છે, ભીતરનાં ચચરાટની.

એક વખત અંદરથી આગ લાગે, પછી તમને કોઈ અવરોધો કે અડચણો રોકી શકતી નથી ! જો તણખો ભીતરમાં થશે, તો પછી આરામ, આળસ કે બહાનાં કશું જ આડુ નહીં આવે. મેદસ્વીપણું અત્યારની બહુ મોટી સમસ્યા છે. બદલાઈ રહેલી લાઈફ સ્ટાઈલ, ખોરાકનો પણ આ સમસ્યા વકરવા પાછળ બહુ મોટો હાથ છે. આ સમસ્યાનો શીકાર બનેલા લોકો અનેક પ્રયત્નો કરે છે. જીમથી ડાયેટ સુધી, વોકીંગથી લઈને અનેક નુસખાઓ અજમાવે છે, તેને એક જ સલાહ આપવાની થાય કે ભીરતથી ચીનગારી પેટવો, સતત જાગૃત રહો, ચિંતનશીલ બનો ચરબી આપોઆપ ઓગળી જશે. અરે ! ચડશે જ નહીં ! એ માટે પ્રયત્ન પોતે કરવો પડે છે. આપણા વતી કોઈ ન કરી શકે !

# શું પિતૃઓ ખરેખર નડે છે

મનુષ્યમાત્રને આ સવાલ ઘણી વખત મુંઝવતો હોય છે. માણસને જયારે મુશ્કેલીઓ પરેશાન કરવા માંડે ત્યારે બીજો કોઈ રસ્તો ન મળતા આખરે નિર્દોષ પિતૃઓ ઉપર આરોપ મૂકી દેવો કેટલો વ્યાજબી છે ?ભગવાન રામ અને ભગવાન કૃષ્ણનુ જીવન મુશ્કેલીઓથી ભરેલુ હતુ. ક્યારેય તેઓ શાંતીથી બેસી શકયા નથી. એ પણ મનુષ્યના રૂપમાં જ હતા તેઓએ ક્યારેય પણ પિતૃઓ ઉપર દોષનો ટોપલો નથી ઢોળ્યો. શાસ્ત્રોમાં પણ આવી વાતોનો ક્યાંય પણ ઉલ્લેખ નથી. રામાયણ–મહાભારત અને ગીતા આખેઆખી વાંચી જાવ તેમાં ક્યાંય પણ એવો ઉલ્લેખ નથી કે રામ અને કૃષ્ણએ ફરિયાદ કરી હોય કે અમને પિતૃઓ નડે છે.

મનુષ્ય જીવન સમસ્યાઓ અને મુશ્કેલીઓ વગરનું હોઈ જ ના શકે. ઈર સમગ્ર સૃષ્ટિનું સંચાલન કર્મના સિધ્ધાંત ઉપર કરે છે. જો રામ અને કૃષ્ણના જીવનમાં મુશ્કેલીઓ સતત આવતી હોય તો આપણે તેમાંથી બાકાત ન રહી શકીએ. કર્મના સિદ્ધાંત પ્રમાણે મનુષ્ય જીવન સતત સંઘર્ષ વાળું રહેતું હોય છે ત્યારે


દિપ્તિબેન પી. રાવલ

આમ્રપાલી સોસાયટી, આંબેશ્વર મંદિર પાસે, પોરબંદર રોડ

ઉપલેટા–જિ.રાજકોટ


નિર્દોષ પિતૃઓ પર આરોપ મૂકી દેવા એ અનુચિત અને અસ્વીકાર્ય છે.

ભારત દેશના મહાન પુઢષોએ મુશ્કેલીઓ અને સમસ્યાઓથી કંટાળીને નિર્દોષ પિતૃઓને દોષિત ઠેરવી દીધા હોય એવું હજુ સુધી કયારેય બન્યું નથી. આપણા પૂર્વજો હંમેશા પૂજનીય છે અને રહેશે. આપણી પાસે જે કાંઈ છે તે સાત પેઢ ીઓના પરિશ્રમનું ફળ જ છે. તેઓને વંદન કરતા રહીએ પરંતુ જીવનની મુશ્કેલીઓ જોઈને આપણને પિતૃઓ જ નડે છે એવું અર્થઘટન કરી લેવું બિલકુલ યોગ્ય નથી.

જયાં સુધી જીવન છે ત્યાં સુધી મુશ્કેલીઓ અને સમસ્યાઓ રહેવાની છે. પ્રકૃતિના કર્મના સિદ્ધાંત પ્રમાણે સ્વયં ઈર પણ એને રોકી શકતા નથી. કર્મ કદી ક્યારે કોઈને પણ છોડતા નથી. આપણા વડીલો જેને કરમપીડા કહેતા હતા એ જ છે ઈરનો કર્મનો સિદ્ધાંત. કર્મના સિદ્ધાંત પ્રમાણે જ પાંચ પાંડવોએ અપાર મુશ્કેલીઓનો સામનો કરવો પડયો હતો પરંતુ કયારેય નિર્દોષ પિતૃઓનો દોષ દીધો ન હતો.

# ૨૧ સપ્ટેમ્બર, ‘‘આંતરરાષ્ટ્રીય શાંતિ દિવસ’’ વિશ્વ શાંતિ અમર રહો

અમરેલી, તા. ૨૦

‘‘આંતરરાષ્ટ્રીય શાંતિ દિવસ’’ સંયુકત રાષ્ટ્રની જનરલ એસેમ્બલી દ્વારા ૧૯૮૧માં જાહેર કરવામાં આવ્યો. સપ્ટેમ્બર ૧૯૮૨ની ૨૧ સપ્ટેમ્બરનાં રોજ પ્રથમવાર તેની ઉજવણી કરવામાં આવી. ‘‘વિ શાંતિ દિવસ’’ ઉજવવાનો મુખ્ય ઉદ્દેશ સમગ્ર વિમાં શાંતિ અને સદ્દભાવનો સંદેશો ફેલાવવાનો છે. ઝાડની ડાળ ી પર બેઠેલું સફેદ કબૂતર એ શાંતિનું પ્રતિક છે. વિવિધ ધર્મોમાં કબૂતરને શાંતિનું દૂત માનવામાં આવે છે. વિ શાંતિ દિવસે ઠેર ઠેર કબૂતર ઉડાડી શાંતિનો સંદેશો ફેલાવાય છે.

૨૧ સપ્ટેમ્બરને વૈકિ યુદ્ધ વિરામ દિવસ તરીકે પણ ઉજવાય છે. આ દિવસે વિમાં જયાં પણ યુદ્ધ ચાલતું હોય ત્યાં નિઃશસ્ત્રીકરણની અપેક્ષા રાખવામાં આવે છે. આ દિવસે યુદ્ધવિરામ રાખવાનો આશય યુદ્ધગ્રસ્ત વિસ્તારોમાં નિર્દોષોને મદદ



પહોંચાડવાનો પણ છે. દુનિયાનાં મોટા ભાગના દેશો દર વર્ષે શસ્ત્રો પાછળ અબજો રૂપિયાનો ખર્ચ કરે છે. જયારે આરોગ્ય અને શિક્ષણ પાછળ ખૂબ જ ઓછી રકમ ખર્ચ થાય છે. આમ, આ દિવસની ઉજવણી પાછળ નો એક આશય એ પણ છે કે જો દુનિયાનાં દરેક દેશ શાંતિ માટે પ્રયત્નો કરે તો આરોગ્ય અને શિક્ષણ જેવી મહત્વની ચીજો પાછળ વધુ નાણાં ફાળવી શકાય. જેને કારણે એક મજબૂત અર્થતંત્રની રચના કરી શકાય અને લોકોના જીવનધોરણમાં પણ સુધારો કરી શકાય, કારણ કે જો દેશનો નાગરિક સ્વસ્થ અને ભણેલો હશે તો જ દેશ સ્વસ્થ અને મજબૂત બની શકશે અને વિકાસ કરી શકશે. સંયુકત રાષ્ટ્રનાં ન્યુયોર્ક સ્થિત મુખ્ય મથકમાં એક શાંતિ બેલ રાખવામાં આવ્યો છે. વિ શાંતિ દિવસની ઉજવણીની શરૂઆત આ બેલને વગાડીને કરવામાં આવે છે. આ બેલ દુનિયાભરમાંથી બાળકો દ્વારા એકઠા કરવામાં આવેલા સિક્કાઓને પીગાળ ીને બનાવવામાં આવ્યો છે. આ બેલ જાપાનનાં સંયુકત રાષ્ટ્ર એસોસિએશન દ્વારા ભેટ આપવામાં આવ્યો હતો. જે યુદ્ધના ભયંકર પરિણામોનો અહેસાસ કરાવતો રહે છે. આ બેલ પર ‘‘વિ શાંતિ અમર રહો’’ સૂત્ર કંડારવામાં આવ્યું છે.

કોઈ પણ જીવ ખાઈ છે, પીએ છે, કમાય છે, જીવે છે, નવું ઘર લે છે, ગાડી લે છે, પરંતુ આ બધાનો હેતુ અંતે તો શાંતિ મેળવવાનો જ હોય છે. માણસ પાસે ગમે તેટલું હોય પણ જયાં સુધી એના મનમાં શાંતિનો વાસ ન હોય ત્યાં સુધી એને ચેન પડતો નથી. ઈરની ભકિત પણ ત્યારે જ થઈ શકે છે જયારે માણસનું મન અને મગજ વિચારો, દુરાગ્રહો કે હઠાગ્રહો રહિત થઈ જાય તો જ એ ભકિતમાં એકાકાર થઈ શકાય છે. કયારેક મનુષ્ય વધુ કમાવાની કે વધુ સુખ મેળ વવાની લાલસામાં, ક્યારેક મિત્રો પાસેથી વધારે પડતી અપેક્ષા સેવીને, ક્યારેક સ્વજનો પર જબરદસ્તી પોતાને મન ચાલતી વાણી, વર્તન કે વ્યવહાર માથે નાખીને જાતે જ ઉભા કરેલી અશાંતિનાં વર્તુળમાં ફસાઈ જતો હોય છે. આ શાંતિ દિવસ પર સે અશાંતિનાં વમણોમાંથી મુકત થઈને શાંતિ અને કરૂણાનો અહેસાસ કરીએ અને કરાવતા શીખીએ.


‘સાહિત્ય સર્જક : હાસ્ય ’

મિત્તલ ખેતાણી

૯૮૨૪૨ ૨૧૯૯૯




# ચલાલા ખાતે પૂ. શૈફાલી દીદીના પાવન સાંનિધ્યમાં મહિલા શકિતના ગૌરવને ઉજાગર કરતુ મહિલા સંમેલન યોજાયુ










પ.પૂ. ગુરૂદેવ અને વિ વંદનીયમાતાજીનાઆશીર્વાદથીગાયત્રી સંસ્કાર ધામ ચલાલા ખાતે અખિલ વિ ગાયત્રી પરિવાર શાંતિકુંજ હરિદ્વાર મહિલાપ્રમુખઅનેમહિલાઓનાપ્રેરણા સ્ત્રોત એવા પ.પુ.શૈફાલીદીદીના પાવન સાનિધ્યમાંઅતિભવ્યમહિલાસંમેલનનું આયોજન થયું. પ.પૂ. શૈફાલીદીદીના આગમનથીસમગ્રવાતાવરણમાંદિવ્યતા પ્રસરી હતી. સંસ્થાનાં શિલ્પી પૂ. સંત ડો.રતીદાદા, ભારત ભૂષણ મહેશભાઈ, લાલજીદાદા, મંજુલાબા, શીતલબેન દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. શાંતિકુંજ હરિદ્વારથી ઉદયપ્રકાશ મિશ્રાજી, દયાનંદભાઈ, બંસીભૈયા, જાનીદાદા, કનુદાદા, અમરેલી જીલ્લા ગાયત્રી પરિવારના પરિજનો, ઝોન–ઉપજોનના પરિજનો પધાર્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં પૂ. દીદીનું હરિબા કેમ્પસ ખાતે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. જયાં કેમ્પસમાં રક્ષાશકિત ગર્લ્સ સ્કુલની દીકરીઓ દ્વારા પોલીસ બેન્ડ સાથે વિવિધ પ્રવૃત્તિઓ નિહાળતા સ્ટેજ સુધી પહોચ્યા હતા. પ.પુ.દીદી, પૂ.રતીદાદા અને મહાનુભાવો દ્વારા દીપ પ્રજવલન કરી કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો. પ્રાર્થના અને ગીતા પાઠ દ્વારા સમગ્ર વાતાવરણમાં પવિત્રતા પ્રસરી ગઈ. બાલિકાઓ દ્વારા સુંદર સ્વાગત ગીત રજુ કરવામાં આવ્યું. પૂ. દાદા દ્વારા પ્રસંગને અનુરૂપ ઉદબોધન આપી આશીર્વચન પાઠવ્યા હતા તેમજ પ.પુ.દીદીનું આગમન સંસ્થામાં થયું એ માટે સમ્માનની લાગણી અનુભવી. હરિબા કોલેજની દીકરીઓ દ્વારા ગરબા નૃત્ય કરવામાં આવ્યું. ભારત ભૂષણ મહેશભાઈ દ્વારા સંસ્થામાં થતી સેવાકીય પ્રવૃત્તિની વિસ્તારથી માહિતી આપી. દયાનંદભાઈ, ઉદયપ્રકાશ મિશ્રાજી, ઝોનમાંથી પધારેલ જાનીદાદાએ કાર્યક્રમને અનુરૂપ ઉદબોધન આપ્યું અને જાન્યુઆરી ૨૦૨૬ માં યોજાનાર જન્મ શતાબ્દી મહોત્સવ વિષે માહિતી આપી. પ.પૂ. શૈફાલી દીદીના પાવન આશીર્વચન દરમિયાન દીદીએ બહેનો માટે સંદેશો આપતા કહ્યું કે “મહિલા માત્ર પરિવારની નહીં પરંતુ સમાજની દિશા નક્કી કરતી શકિત છે. જો બહેનો સંસ્કાર, શ્રદ્ધા અને આત્મવિસ સાથે જીવન જીવે તો પરિવાર, સમાજ અને રાષ્ટ્ર – ત્રણેયનું ભવિષ્ય ઉજ્જવળ બને છે.” સ્ત્રીની અંદર કરૂણા છે, શકિત છે, ત્યાગ છે અને ધૈર્ય છે– એ જ ગુણોને ઉજાગર કરવાનું આ સંમેલનનું મુખ્ય ધ્યેય રહ્યું છે. પૂ.દીદીએ નારી જાગરણ, દહેજ પ્રથા નાબુદી, ઘરેલું હિંસા જેવી બાબતો વિશે વાત કરી મહિલાઓને પ્રેરિત કર્યા હતા. આવા કાર્યક્રમો સમાજમાં મહિલાઓને આગળ વધવા માટે માર્ગદર્શાવે છે અને યુવા પેઢીમાં સંસ્કારનું સિંચન કરે છે. ઝોન–ઉપઝોનમાંથી પધારેલ પરિજનોએ દીદીને હાર પહેરાવી, ભેટ આપી તેમજ દીદીએ બધા જ પરિજનો સાથે મીટીંગ કરી ફોટોગ્રાફી કરી હતી. આ અવસરે પ.પુ.શૈફાલીદીદીના પાવન હસ્તે ગાયત્રી સંસ્કાર ધામની શરૂઆતથી આજ સુધીની પ્રવૃત્તિઓને ઉજાગર કરતુ પુસ્તકનું વીમોચન કરવામાં આવ્યું. આ ઉપરાંત ગાયત્રી પરિવારનું સૌથી પહેલું પ્રાણી સંગ્રહાલય ચલાલા ખાતે બનું રહ્યું છે જેનાં માટે પૂ. દીદીના વરદ હસ્તે ભૂમિપૂજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં અંદાજીત ૧૨૦૦ જેટલા બહેનો – ભાઈઓ એ પૂ. દીદીના આશીર્વચન મેળવ્યા. આ સંમેલન આધ્યાત્મિકતા, સંસ્કાર અને શકિતનું અદભૂત સંગમ બનીને યાદગાર બની ગયું. કાર્યક્રમના અંતમાં દરેક માટે ભોજનની ખુબ જ સારી વ્યવસ્થા કરવામાં આવી હતી. સંસ્થાના ડાયરેકટર શીતલબેનના અથાગ પ્રયત્નો અને ગાયત્રી એજયુકેશન ગ્રુપના સ્ટાફગણે કાર્યક્રમ સફળ બનાવવા ભારે જેહમત ઉઠાવી હતી.

### શહેર કોંગ્રેસ ઉપપ્રમુખની રજુઆત

## સાવરકુંડલામાં ગેસ લાઈનની કામગીરી બાદ માર્ગોની મરામત કરવામાં ન આવી

### જવાબદાર એજન્સી સામે કાર્યવાહી કરવા માંગ




સાવરકુંડલા, તા.૨૦

સાવરકુંડલા શહેર કોંગ્રેસ ઉપપ્રમુખ જીગ્નેશભાઈ ભરાડ દ્વારા સાવરકુંડલા નગરપાલિકા ચીફ ઓફિસરને ગુજરાત ગેસ કંપની દ્વારા નિયુક્ત એજન્સીઓ સુમેરૂ ઈન્ફ્રા તથા ટેલીલિંક દ્વારા સાવરકુંડલા શહેર વિસ્તારમાં ગેસલાઈન બિછાવવાનું કામ કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, એજન્સીઓએ ખોદકામ પૂર્ણ થયા બાદ માર્ગોને પૂર્વવત સ્થિતિમાં લાવવાની કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. જેના કારણે શહેરના મુખ્ય માર્ગો તથા ગલીઓ અત્યંત ખરાબ હાલતમાં પહોંચી ગયા છે. પરિણામે વાહનચાલકો તથા પદયાત્રીઓને ભારે અસુવિધાનો સામનો કરવો પડી રહ્યો છે તેમજ અકસ્માતની શકયતા પણ વધી રહી છે.

આ મુદ્દે નાગરિકો દ્વારા વારંવાર રજૂઆત કરવા છતાં આજદિન સુધી કોઈ યોગ્ય કાર્યવાહી હાથ ધરવામાં આવી નથી. આ સંદર્ભે અત્રે સાવરકુંડલા શહેર કોંગ્રેસ ઉપપ્રમુખ જીગ્નેશભાઈ ભરાડ દ્વારા સાવરકુંડલા નગરપાલિકા ચીફ ઓફિસરને વિનંતી સહ રજૂઆત કરી હતી કે તાત્કાલિક અસરથી શહેરના રસ્તાઓનું મરામત કાર્ય શરૂ કરવામાં આવે તથા સબંધિત એજન્સીઓ સામે જરૂરી દંડાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવે. જેથી નાગરિકોને રાહત મળે તેવી લોકહિત કાજે સવિનય વિનંતી સહ રજૂઆત કરી હતી.

લેઉવા પટેલ ટ્રસ્ટ
મહિલા યુનિવર્સિટી
(પ્રાઈવેટ યુનિવર્સિટી)
મંજુરી પ્રક્રિયા ચાલુ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળ:-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ (ગર્લ્સ), ચક્કરગઢ રોડ અમરેલી
ફોન ✓ (૦૨૭૯૨) ૨૩૨૨૩૧ થી ૨૬ -Ad 129

### એસ.ટી. ના વિભાગીય અધિકારીની હાજરીમાં

## રાજુલા : એસ.ટી. ડેપોમાં સ્વચ્છતા અભિયાન કાર્યક્રમ યોજાયો

### એક વિદ્યાર્થીનીએ સ્વચ્છતા અંગે જાગૃતિ ઉભી કરી



રાજુલા, તા. ૨૦

રાજુલા એસ. ટી. ડેપોમાં સ્વછતા અભિયાન અંતર્ગત અમરેલી જિલ્લાના એસ. ટી. ના વિભાગીય અધિકારી અતુલ સોલંકી તેમજ હિસાબી અધિકારીની હાજરીમાં રાજુલા એસ.ટી. ડેપોમાં સ્વચ્છતા અભિયાન અંતર્ગત વિશેષ કાર્યક્રમ યોજાયો. કાર્યક્રમની શરૂઆતમાં રાજુલા એસ.ટી.ડેપોના સ્ટાફ દ્વારા વિભાગીય અધિકારીને કાઠીયાવાડની પરંપરા મુજબ આવેલા વિભાગીય અધિકારીને સાફો બાંધી પુષ્પ ગુચ્છ આપી અને સ્વાગત કરવામાં આવેલું. આજના આ કાર્યક્રમમાં રાજુલા ટી.જે.બી.એસ.ગર્લ્સ હાઈસ્કૂલની દીકરીઓ દ્વારા એસ.ટી ડેપોમાં પ્રવાસ કરતા પ્રવાસીઓને સ્વચ્છતા અભિયાન અંતર્ગત વક્તવ્ય આપવામાં આવેલી છે. જેમાં ખાસ કરીને આ શાળાની દીકરી રૈયા હાનાણી જે જિલ્લા કક્ષાએ વકૃત્વ સ્પર્ધામાં પ્રથમ નંબર પ્રાપ્ત કરેલ છે. તે દીકરી દ્વારા આ પ્રવાસીઓને સ્વચ્છતા બાબતે લોકોને જાગૃત કરવામાં આવ્યા હતા. ત્યારે આ પ્રસંગ ડેપો મેનેજર એમડી જોશી તેમજ એ.ટી.આઈ જગદીશ મહેતા તેમજ ખોડુભાઈ બોરીચા તે મુજબ રવિભાઈ તેમજ સમગ્ર સ્ટાફ હાજર રહેલો સમગ્ર કાર્યક્રમનું સંચાલન ગૌતમ પડિયા દ્વારા કરવામાં આવેલું. રાજુલા એસ.ટી. ડેપોમાં સ્વચ્છતા બાબતે વિભાગીય અધિકારીએ સમગ્ર સ્ટાફને અભિનંદન પાઠવેલા અને અંતમાં આ કાર્યક્રમમાં આવનાર તમામ વિદ્યાર્થીને ભેટ સ્વરૂપે બોલપેન આપવામાં આવેલી.

### સર્વરોગ નિદાન અને રકતદાન કેમ્પ દ્વારા

## અમરેલી ખાતે આજે સારહિ યુથ કલબ ઓફ અમરેલી દ્વારા સેવાકીય કાર્ય

### મુખ્યમંત્રી પટેલ, ઈફકો ચેરમેન દિલીપ સંઘાણી, સાંસદ રૂપાલા સહિતનાં મહાનુભાવો ઉપસ્થિત રહેશે








અમરેલી, તા. ૨૦

સારહિ યુથ કલબ ઓફ અમરેલી, અમર ડેરી તથા શાંતાબા મેડીકલ કોલેજ અને જનરલ હોસ્પીટલ દ્વારા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનાં ૭૫ વર્ષ પૂર્ણ થતા સેવા પખવાડિયાની ઉજવણી અંતર્ગત વિનામૂલ્યે સર્વરોગ નિદાન કેમ્પ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણી, રાજકોટ લોકસભાના સાંસદ પરષોતમભાઈ રૂપાલાની વિશેષ ઉપસ્થિતિમાં સેન્ટર ઓફ એક્સીલન્સ, અમરદાણ ફેક્ટરી સામે, ધારી રોડ, અમરેલી ખાતે તા.૨૧/૯/૨૦૨૫ના રોજ સવારે ૯:૦૦ કલાકથી શરૂ થશે જેમાં ગાયનેક (સ્ત્રી રોગ), પીડીયાટ્રીક (બાળ રોગ), જનરલ મેડીસીન, જનરલ સર્જન, માનસીક રોગ નિષ્ણાંત, કાન, નાક, ગળાનાં નિષ્ણાંત, આંખના નિષ્ણાંત, હાડકાનાં નિષ્ણાંત, ચામડીનાં નિષ્ણાંત, દાંતનાં સર્જન, ફેફસા, ઠાસ, એલર્જીનાં નિષ્ણાંત જેવી સેવા અમરેલી શહેરના નિષ્ણાંત તબીબો દ્વારા આપવામાં આવશે. તેમજ ઓપરેશન સિંદુરની સફળતા માટે રાષ્ટ્રસેવા અને માનવસેવાનાં ભાવને પ્રત્યક્ષ કાર્યરૂપ આપવા “નમો કે નામ” રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. જેનાથી જિલ્લાનાં લોકોને લાભ મળશે તેમ સારહિ યુથ કલબ ઓફ અમરેલીની યાદી જણાવે છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૬૦૦ | ૯૦૦ |
| ૨ | શિંગ ૬૬ નંબર | ૧૦૦૩ | ૧૦૦૩ |
| ૩ | ગીરનાર શીંગ | ૫૫૨ | ૫૫૨ |
| ૪ | શિંગ મોટી | ૬૩૫ | ૧૧૨૫ |
| ૫ | શિંગદાણા | ૯૦૦ | ૧૨૭૫ |
| ૬ | શિંગદાણા ફાડા | ૯૫૦ | ૧૧૦૦ |
| ૭ | તલ સફેદ | ૧૦૯૫ | ૨૧૩૭ |
| ૮ | તલ કાળા | ૨૧૦૦ | ૪૩૯૦ |
| ૯ | તલ કાશ્મીરી | ૧૩૪૦ | ૨૩૧૦ |
| ૧૦ | બાજરો | ૩૩૦ | ૩૬૬ |
| ૧૧ | જુવાર | ૭૩૧ | ૭૩૧ |
| ૧૨ | ઘઉં ટુકડા | ૪૫૩ | ૫૭૬ |
| ૧૩ | ઘઉં લોકવન | ૫૨૯ | ૫૭૮ |
| ૧૪ | મગ | ૮૦૦ | ૧૭૧૦ |
| ૧૫ | અડદ | ૮૭૦ | ૧૫૦૦ |
| ૧૬ | ચણા | ૮૩૦ | ૧૦૯૫ |
| ૧૭ | ચણા દેશી | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૧૮ | સફેદ ચણા | ૧૦૭૨ | ૧૦૯૪ |
| ૧૯ | તુવેર | ૧૦૭૦ | ૧૧૯૧ |
| ૨૦ | કપાસ | ૭૨૦ | ૧૫૫૦ |
| ૨૧ | એરંડા | ૧૧૦૦ | ૧૨૫૦ |
| ૨૨ | જીરૂ | ૧૮૦૦ | ૩૫૩૫ |
| ૨૩ | રાયડો | ૧૧૬૦ | ૧૧૬૦ |
| ૨૪ | ધાણા | ૧૨૦૦ | ૧૪૨૦ |
| ૨૫ | અજમા | ૮૭૫ | ૮૭૫ |
| ૨૬ | સોયાબીન | ૮૦૦ | ૮૧૧ |
| ૨૭ | રજકાનું બી | ૪૧૫૦ | ૪૧૫૦ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ નવો | ૧૦૯૪ | ૧૩૫૧ |
| ૨ | ચણા | ૧૦૭૦ | ૧૦૭૦ |
| ૩ | સોયાબીન | ૭૯૦ | ૭૯૦ |
| ૪ | ઘઉં | ૫૭૬ | ૫૭૬ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૬૦૦ | ૯૨૦ |
| ૨ | શીંગ મોટી | ૬૫૦ | ૯૧૦ |
| ૩ | તલ સફેદ | ૧૬૫૦ | ૧૯૫૯ |
| ૪ | તલ કાળા | ૩૫૦૦ | ૩૮૭૮ |
| ૫ | જીરૂ | ૩૪૦૦ | ૩૫૪૦ |
| ૬ | કપાસ | ૧૨૮૦ | ૧૪૮૫ |
| ૭ | ઘઉં લોકવન | ૫૦૧ | ૫૬૫ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૨૫ | ૫૮૫ |
| ૯ | બાજરો | ૪૦૦ | ૫૮૫ |
| ૧૦ | જુવાર | ૪૫૦ | ૬૦૦ |
| ૧૧ | અડદ | ૯૦૪ | – |
| ૧૨ | ચણા | ૧૦૦૦ | ૧૦૮૦ |
| ૧૩ | સોયાબીન | – | ૭૧૯ |
| ૧૪ | કાંગ | ૪૫૧ | ૫૪૪ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૭૫ | ૧૩૪૨ |
| ૨ | મગફળી | ૭૯૭ | ૭૯૭ |
| ૩ | ઘઉં | ૪૧૬ | ૪૧૬ |
| ૪ | તલ | ૧૬૭૨ | ૧૬૭૨ |
| ૫ | બાજરો | ૩૦૦ | ૩૦૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૫૫૫ |
| ૨ | ઘઉં લોકવન | ૫૦૦ | ૫૦૦ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૪૦ | ૪૮૫ |
| ૪ | મેથી | ૭૩૫ | ૭૩૫ |
| ૫ | શીંગફાડા | ૧૧૯૦ | ૧૧૯૦ |
| ૬ | જીરૂ | ૧૦૦૦ | ૨૦૦ |
| ૭ | સોયાબીન | ૬૪૫ | ૭૬૮ |
| ૮ | અડદ | ૧૦૦૦ | ૧૦૯૦ |
| ૯ | તલ સફેદ | ૧૩૩૦ | ૧૮૦૦ |
| ૧૦ | ધાણા | ૮૪૦ | ૮૪૦ |
| ૧૧ | મગફળી | ૬૫૫ | ૯૦૦ |
| ૧૨ | જુવાર | ૨૯૦ | ૩૫૦ |
| ૧૩ | મકાઈ | ૨૮૫ | ૨૮૫ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર નવો | ૧૩૨૫ | ૧૪૯૫ |
| ૨ | કપાસ જુનો | ૧૩૯૫ | ૧૫૭૫ |
| ૩ | મગફળી નવી | ૭૧૫ | ૭૭૫ |
| ૪ | તલ સફેદ | ૧૪૬૦ | ૧૮૧૦ |
| ૫ | ઘઉં | ૪૬૫ | ૫૧૫ |
| ૬ | અડદ | ૯૪૦ | ૧૧૫૦ |
| ૭ | મગ | ૧૨૧૦ | ૧૪૮૦ |
| ૮ | ચણા | ૯૯૦ | ૧૦૫૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | તલ સફેદ | ૧૪૦૦ | ૧૭૮૭ |
| ૨ | તલ કાળા | ૩૦૧૨ | ૩૦૧૨ |
| ૩ | તલ પીળા | ૧૯૫૦ | ૧૯૫૦ |
| ૪ | કપાસ | ૯૦૦ | ૧૪૪૧ |
| ૫ | બાજરો | ૩૮૫ | ૪૮૦ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૮૧ | ૫૮૦ |
| ૭ | જુવાર | ૫૧૬ | ૮૦૦ |
| ૮ | ચણા | ૯૦૦ | ૧૦૬૧ |
| ૯ | સોયાબીન | ૭૭૫ | ૭૭૫ |
| ૧૦ | રાય | ૧૩૧૩ | ૧૩૧૩ |

## બગસરાનાં સેવાભાવી ઓક્સિજન ગ્રુપ દ્વારા માનવ મંદિરની મુલાકાત લેવાઈ



બગસરા, તા. ૨૦

બગસરા વાસીઓએ સાવરકુંડલા માનવ મંદિરની મુલાકાત લીધી હતી. જેમાં ઓકિસજન ગ્રુપ દ્વારા મનોરોગી ૫૦ જેટલી મહિલાઓને મુલાકાત લઈ તેમને રાત્રી ભોજન કરાવી ઓકિસજન ગ્રુપના સભ્યોએ તથા બગસરા વાસીઓએ ધન્યતા અનુભવી હતી. આ પુણ્યનું ભાતું લેવા માટે લોકો થનગના કરતા હોય છે. ત્યારે ઓકિસજન ગ્રુપના માધ્યમથી તેમના સભ્યો કે પરિવાર કહો સાથે રહી પોતાના પરિવારોને લઈને ત્યાં માનવ મંદિર મનોરોગી મહિલાઓને ખુશ કરવા પોતાની યથાશક્તિ મુજબ મનોરોગી બહેનોને પોતાના ઘરની મહિલાઓ દ્વારા મહેંદી મૂકી તથા સાથે રાસ ગરબા રમીને તેમજ રાત્રે તેમને સરસ મજાનું ભોજન કરાવી તમામ બગસરા વાસીઓએ તથા તેમના પરિવારોએ ધન્યતા અનુભવી હતી. હાલ નવરાત્રી નજીક હોય ત્યારે લોકો નવા નવા કપડાં પહેરી રાત્રે તૈયાર થઈ ને સારા સારા લોકો સાથે રાસ ગરબા લેવા થનગનાટ કરતા હોય છે તેમજ અમુક લોકો તો મોટા મોટા રાજકારણી આવે ત્યારે તેની સાથે ફોટા પડાવવા માટે તલપાપડ થતા હોય છે. ત્યારે સારા લોકો સાથે તો બધા રાસ લઈ છે ફોટા પડાવે છે. ત્યારે આ મનોરોગી બહેનો સાથે રાસ લેવા કોણ તૈયાર થાય. ત્યારે બગસરા વાસીઓએ આ રાસ લઈ આ સુંદર મજાનો લાવો લીધો છે. ત્યારે બગસરાના જાણીતા પત્રકાર સમીરભાઈ વિરાણી આ સુંદર તકને ઝડપી લીધી હતી અને તેમના કેમેરામાં કેદ કરી સારૂ એવું રિપોર્ટિંગ કર્યુ હતું. આ ઓકિસજન ગ્રુપના માધ્યમથી બગસરા વાસીઓને અનેરી શીખ જોવા મળે છે. તેમ ઓકિસજન ગ્રુપના મહેશભાઈ માંડલિયા એ પ્રેસ યાદીમાં જણાવેલ છે.

## દામનગરના સ્ટુડન્ટ પોલીસ કેડેટના બાળકોનો બિન નિવાસી કેમ્પ યોજાયો





દામનગર, તા. ૨૦

ગુજરાત રાજયના સુરક્ષા સેતુ સોસાયટી અને અમરેલી જિલ્લા પોલીસ વિભાગ તથા દામનગર પોલીસ સ્ટેશન પોલીસ ઈન્સ્પેક્ટર વાય. આર. રાવલના માર્ગદર્શન તળે સ્ટુડન્ટ પોલીસ કેડેટનો ત્રણ દિવસનો બિન નિવાસી કેમ્પ એમ.સી. મહેતા હાઈસ્કુલ દામનગર ખાતે યોજાયો.

આ કેમ્પ દરમ્યાન વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે યોગ, મોટીવેશન સેમિનાર, આપત્તિ વ્યવસ્થાપન, બાળ સુરક્ષા, ચિત્ર, રમત ગમત, સ્વછતા, તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમનું સુંદર મજાનું આયોજન કરી પોલીસ કેડેટના બાળકોને ઉચ્ચ જીવન મૂલ્યો અને શ્રેષ્ઠ નાગરિક તરીકેની ભૂમિકા માટે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું જેમાં દામનગર શહેરની દામનગર પે સેન્ટર શાળા નં–૧ (ગ્રીનસ્કૂલ) ના ધોરણ આઠ અને એમ.સી. મહેતા હાઈસ્કુલના ધો. નવના બાળકોને આ તાલીમ આપવામાં આવી આ બાળકોની સાથે કોમ્યુનિટી પોલીસ ઓફિસર આર.ડી હેલૈયા તથા ઋતિકાબેન ગોસ્વામી તેમજ ડ્રીલ ઈન્સ્ટ્રક્ટર પ્રજ્ઞાબેન જાડેજા તેમજ શાળાના આચાર્ય પાર્થેશભાઈ ત્રિવેદી તથા શૈલેષભાઈ વિસાણી દ્વારા બાળકોને આ કેમ્પમાં જરૂરી માર્ગદર્શન તથા સહકાર આપવામાં આવ્યો.

## લીલીયા મોટા : શ્રી ગ્રામ્ય લક્ષ્મી બચત મંડળીની ૩૧ મી વાર્ષિક સાધારણ સભા મળી





લીલીયા મોટા, તા. ૨૦

લીલીયા મોટા જલારામ મંદિર ખાતે છેલ્લા ૩૧ વર્ષથી કાર્યરત સહકારી સંસ્થા ગ્રામ્ય લક્ષ્મી બચત અને ધિરાણ સહકારી મંડળી તેમજ અમરેલી, દામનગર શાખાની વાર્ષિક સાધારણ સભાનું આયોજન કરવામાં આવેલ .આ તકે આમંત્રિત મહેમાનો અરૂણભાઈ પટેલ વાઈસ ચેરમેન એજેએમએસ, ભીખાભાઈ ધોરાજીયા, જીગ્નેશભાઈ સાવજ, ગૌતમભાઈ વિંછીયા, કાનજીભાઈ નાકરાણી, ભનુભાઈ ડાભી, બાબુભાઈ ધામત, જીવનભાઈ વોરા ,પરીનભાઈ સોની, કેતનભાઈ ઢાકેચા, મગનભાઈ દુધાત, જીવરાજભાઈ પરમાર, નિર્મળભાઈ ખુમાણ, એડવોકેટ કિશોરભાઈ પાઠક, જીતુભાઈ પાઠક, ના વરદ હસ્તે દીપ પ્રાગટય સાથે સંસ્થાના ચેરમેન હિતેશભાઈ.જે.કારીયા, વાઈસચેરમેન હરેશભાઈ.એન.સેજપાલ, એમડી દિનેશભાઈ.એચ.ભટ્ટ બોર્ડ ઓફ ડિરેકટરો ભરતભાઈ જોશી, વાલજીભાઈ માંડણકા, હિંમતભાઈ શિંગાળા, જયેશભાઈ મહેતા, અમરેલી શાખા એડવાઈઝર હિરેનભાઈ સોજીત્રા, પંકજભાઈ રોકડ, ઉપેન્દ્રભાઈ નાગ્રેચા, દલસુખભાઈ સાવલિયા, દેવેન્દ્રભાઈ જુઠાણી દ્વારા આમંત્રિત મહેમાનોનું પુષ્પગુચ્છ દ્વારા સ્વાગત કરવામાં આવેલ. સંસ્થાના એમ.ડી દિનેશભાઈ.એચ.ભટ્ટ દ્વારા વાર્ષિક અહેવાલ રજૂ કરવામાં આવેલ. સંસ્થાના પ્રગતિ દર્શક આંકડાઓ રજૂ કરવામાં આવેલ. વાર્ષિક અહેવાલ રજૂ કરતા જણાવેલ કે હાલ મંડળીના સભાસદોની સંખ્યા ૨૫૯૨ અને ૦% એમ.પી.એ સાથે વર્ષના અંતે સંસ્થાનો ચોખ્ખો નફો ૮૧.૫૯,૨૧૩/– જે નફામાંથી મંડળીના સભાસદોને ૧૦% ડિવિડન્ટ તેમજ ભેટ આપવામાં આવેલ તેમજ સંસ્થા દ્વારા જુદી જુદી, બચત યોજનાઓ વેલ્ફેર ફંડ, (મૃત્યુ સહાય) યોજના આકસ્મિક વીમા કવચ યોજના અને સંસ્થામાં મુકેલ ફી.ડી થાપણો પર આકર્ષક વ્યાજ વળતર આપતી સંસ્થાની યોજનાઓ વિશે જાણકારી આપવામાં આવેલ. ત્યારબાદ મીટીંગ પૂર્ણ થતા મંડળીના એમ.ડી દિનેશભાઈ ભટ્ટ દ્વારા મિટિંગમાં આવેલ. આમંત્રિત મહેમાનો સભાસદોનો આભાર વ્યક્ત કર્યો. ત્યારબાદ મંડળીના કર્મચારીઓ દ્વારા સુંદર ભોજન વ્યવસ્થા કરવામાં આવી હતી.

## લીલીયા મોટા : સરકારી કોલેજમાં પ્રધાનમંત્રીના જન્મદિને ચેક અપ કેમ્પ યોજાયો





લીલીયા મોટા, તા. ૨૦

લીલીયા મોટા સરકારી વિનિયમ અને વાણિજય કોલેજ ખાતે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ પખવાડિયા ઉજવણીના ભાગરૂપે સ્વસ્થ નારી સશક્ત પરિવાર અભિયાન ૨૦૨૫ લીલીયા મામલતદાર બી.એસ.પટેલ તથા તાલુકા વિકાસ અધિકારી કિશોરભાઈ આચાર્ય, ટીએચઓ ડો.સિધ્ધપુરાના માર્ગદર્શન અને સહકાર વડે સરકારના આરોગ્ય વિભાગના 'સ્વસ્થ નારી સશકત પરિવાર અભિયાન' તથા 'એનિમિયા મુક્ત ભારત અભિયાન' અંતર્ગત સરકારી આટર્સ અને કોમર્સ કોલેજ – મોટા લીલીયા ખાતે કોલેજના વિદ્યાર્થીઓનો હેલ્થ ચેકઅપ કેમ્પ યોજાયો. આ કેમ્પમાં તમામ વિદ્યાર્થી ભાઈઓ તથા બહેનોનું હેલ્થ ચેક અપ કરવામાં આવ્યું. જેમાં બ્લડ ગ્રુપ તપાસ, હિમોગ્લોબીન તપાસ, વજન, ઊંચાઈ, બોડી માસ ઈન્ડેકસ તપાસ, આંખના નંબરની તપાસ, એડોલેસન્ટ હેલ્થ કાઉન્સેલિંગ કરવામાં આવ્યું. આ ઉપરાંત પોષણ વિશે, વ્યસન મુક્તિ વિશે, એનિમિયા અટકાયત અને સારવાર વિશે, માસિક દરમ્યાન રાખવાની કાળજી વિશે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું. આરોગ્ય તપાસના આ કાર્યક્રમમાં લીલીયા તાલુકા ભાજપ પ્રમુખ જીગ્નેશ સાવજ, વિપુલભાઈ દુધાત, ભરતભાઈ ઠુંમર, ભીખાભાઈ ધોરાજીયા, ભનુભાઈ ડાભી, ભાસ્કરભાઈ પટેલ, એડવોકેટ એસ.પી.ભડકોલીયા વિજય ગજેરા, લીલીયા તાલુકા હેલ્થ ઓફિસર ડો.સિધ્ધપુરા, ક્રાંકચ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસર ડો.જય વાઘેલા આર.બી.એસ.કે. ટીમના ડો.હિરેનભાઈ સોલંકી, ડો. અંજનાબેન ખાચર, સુપરવાઈઝર નિલેશભાઈ, મધુબેન તથા આરોગ્ય સ્ટાફે ભારે જહેમત ઉઠાવેલ અને સરકારી કોલેજ લીલીયાના પ્રિન્સિપાલ ડો રાજેન્દ્રસિંહ રાઠોડ અને સમગ્ર કોલેજ પરિવારે કાર્યક્રમનું સંચાલન કર્યુ હતું.

### પાલિકા અને ભ્રષ્ટાચાર એકબીજાનાં પુરક

## સાવરકુંડલા પાલિકાનાં પૂર્વ મહિલા પ્રમુખ સહિતને કરોડો રૂપિયાની રીકવરીની નોટિસ

### જનતા જર્નાદનનાં પરસેવાનાં પૈસાનો દુર ઉપયોગ

સાવરકુંડલા, તા. ૨૦

સાવરકુંડલા નગરપાલિકાના પૂર્વ પ્રમુખ તૃપ્તિબેન રાજુભાઈ દોશીના વર્ષ ૨૦૨૧ થી વર્ષ ૨૦૨૩ સુધીના શાસનકાળ દરમિયાન નગરપાલિકામાં વ્યાપક પ્રમાણમાં ભ્રષ્ટાચાર થતા સાવરકુંડલા શહેર ભાજપ પૂર્વ મહામંત્રી રામદેવસિંહ ગોહિલ દ્વારા પ્રાદેશિક કમિશનર નગરપાલિકાઓ ભાવનગરને ફરિયાદ કરવામાં આવેલ હતી. જે અન્વયે સમગ્ર પ્રકરણ ગુજરાત રાજય તકેદારી આયોગ ગાંધીનગરમાં તપાસાર્થે ચાલતું હતું. જેમાં હવે સમગ્ર પ્રકરણ નિર્ણયાધીન હોય આ બાબતે પ્રાદેશિક કમિશનર નગરપાલિકાઓ ભાવનગર દ્વારા સાવરકુંડલા નગરપાલિકાના તત્કાલીન પ્રમુખ તૃપ્તિબેન રાજુભાઈ દોશી, ચીફ ઓફિસર નરેશકુમાર મુનિયા, ચીફ ઓફિસર ગીરીશકુમાર સરૈયા, નગરપાલિકાના તત્કાલીન એકાઉન્ટન્ટ દિપક સોલંકી, નગરપાલિકાના તત્કાલીન એન્જિનિયર નિખિલ ધડુક સહિતનાઓને આ ભ્રષ્ટાચાર બાબતે નોટીસ પાઠવી તેમની સામે રિકવરી સહિતની કાર્યવાહી કેમન કરવી તેવું જણાવેલ છે.

સાવરકુંડલા નગરપાલિકામાં વર્ષ ૨૦૨૧ થી ૨૦૨૩ દરમિયાન થયેલા ભ્રષ્ટાચાર બાબતે વિગતવાર વાત કરીએ તો સાવરકુંડલા નગરપાલિકા દ્વારા સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના વર્ષ ૨૦૨૦–૨૧ અને વર્ષ ૨૦૨૧–૨૨ ( યુડીપી–૮૮ )અને સ્વચ્છ ભારત મિશન યોજના અંતર્ગત શહેરના જુદા જુદા વિસ્તારમાં સીસી રોડ સહિતના વિકાસના કામો અંગે ટેન્ડર પ્રક્રિયા કરવાની હતી. જેની રકમ રૂ. ૬ કરોડ ૩૯ લાખ જેટલી હતી, જેમાં નગરપાલિકાના તત્કાલીન પ્રમુખ તૃપ્તિબેન રાજુભાઈ દોશી સહિત જવાબદાર અધિકારીઓ દ્વારા પોતાની મળતીયાઓની એજન્સીને વર્ક ઓર્ડર આપવા માટે ગેરકાયદેસર ખાસ શરતો રાખવામાં આવેલ અને પોતાની સત્તાનો દુરૂપયોગ કરી સર્જન કન્સ્ટ્રકશન કંપની રાજુલાને ટેન્ડર મળે તેવી ગોઠવણ કરેલ, અને આ ટેન્ડર ૮ ટકા જેટલું ઊંચું રાખી રૂ. ૬ કરોડ ૮૫ લાખની રકમનો ભાવ મંજૂર કરેલ હતો અને ભ્રષ્ટાચાર કરેલ હતો. સરકાર દ્વારા સાવરકુંડલા નગરપાલિકાને ૧૫ માં નાણાપંચ હેઠળ કરોડો રૂપિયાની માતબર રકમની ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી. તે રકમનો ઉપયોગ સેનીટેશન, પાણી પુરવઠા, આરોગ્ય લક્ષી સેવાઓ, વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા સહિતના વિકાસના કામ કરવા માટેનો હોય છે, પરંતુ સાવરકુંડલા નગરપાલિકાના તત્કાલીન પ્રમુખ અને જવાબદાર અધિકારીઓ દ્વારા પોતાની સત્તાનો દુરૂપયોગ કરી ઉપરોક્ત કામો નહીં કરી પાણી પુરવઠા વિભાગના સાધન સામગ્રીની ખરીદી, ગટર વિભાગના માલ સામાન ખરીદી, મોટર પંપ મરામત ખર્ચ, ગટર લાઈન સફાઈ તેમજ નદી સફાઈ, એસટીપી પ્લાન્ટ વિકાસ તથા નિભાવ ખર્ચ જેવા બિનજરૂરી ખર્ચ દર્શાવી ખોટા બીલો બનાવી કરોડો રૂપિયાની ગ્રાન્ટ વાપરી નાખેલ છે, ઉપરોક્ત ગ્રાન્ટ માત્ર વિકાસના કામોમાં કરવાની હોય છે. તેના બદલે તત્કાલીન પ્રમુખ અને જવાબદાર અધિકારીઓ દ્વારા પોતાની સત્તાનો દુરૂપયોગ કરી મરામત અને નિભાવણીનો ખર્ચ બતાવી ગ્રાન્ટનો દુરૂપયોગ કરેલ. અને મહત્વની વાત તો એ છે કે આ નાણાપંચની ગ્રાન્ટનો ઉપયોગ કરતા પહેલા સબંધિત પ્રાદેશિક કમિશનરની કચેરીમાંથી વહીવટી અને તાંત્રિક મંજૂરી મેળવવાની હોય છે. જે આમાં લેવામાં આવેલ નહોતી. અને સરકારની સ્પષ્ટ સૂચના હોવા છતાં સક્ષમ કક્ષાએથી વહીવટી અને તાંત્રિક મંજૂરી લીધા વિના નાણાપંચની ગ્રાન્ટનો હેતુફેર કરી વિકાસના કામો કરવાને બદલે માત્ર નિભાવણી અને મરામતનો ખર્ચ દર્શાવી કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર કરેલ છે, તેમજ મોટાભાગના કામો માટે સાગર મશીનરી સ્ટોર્સ સાવરકુંડલાને જ વર્ક ઓર્ડર આપી મસમોટું કૌભાંડ આચરવામાં આવેલ છે. આમ પ્રજાના ટેકસના પૈસાના કરોડો રૂપિયાની ગ્રાન્ટનો દુરૂપયોગ કરી મસમોટું કૌભાંડ આચરનાર સાવરકુંડલા નગરપાલિકાના તત્કાલીન પ્રમુખ તૃપ્તિબેન રાજુભાઈ દોશી સહિતનાઓ ઉપર સાવરકુંડલાની જાહેર જનતા ફિટકાર વરસાવી રહી છે.

ભુતકાળમાં સાવરકુંડલા નગરપાલિકાના તત્કાલીન પ્રમુખ તૃપ્તિબેન રાજુભાઈ દોશીના ભ્રષ્ટાચાર મામલે ડમ્પીંગ સાઈટની દીવાલના કામમાં ભ્રષ્ટાચાર સાબિત થતા રૂપિયા ૮૯ લાખની રિકવરી કરવામાં આવેલ, તેમજ તત્કાલીન ચીફ ઓફિસર એચ.પી.બોરડને તેના સમયગાળા કરતા પહેલા તાત્કાલિક અસરથી છૂટા કરી દેવામાં આવેલ અને પ્રમાણિક ચીફ ઓફિસર જે.પી.હિરપરા દ્વારા કંટાળી રાજીનામું આપેલ હતું તેમજ તત્કાલીન એન્જિનિયર નિખિલ ધડુકને સસ્પેન્ડ કરવામાં આવેલ હતા, તેમજ તત્કાલીન એકાઉન્ટન્ટ દીપક સોલંકી વિરૂધ્ધ નાણાકીય રિકવરી પણ કરવામાં આવેલ હતી. આમ સાવરકુંડલા નગરપાલિકામાં ભ્રષ્ટાચાર અંગે શહેર ભાજપ પૂર્વ મહામંત્રી રામદેવસિંહ ગોહિલની ફરિયાદ બાદ વખતોવખત રજૂઆત કરાતા ગુજરાત રાજય તકેદારી આયોગ ગાંધીનગર અને પ્રાદેશિક કમિશનર નગરપાલિકાઓ ભાવનગર દ્વારા આ ભ્રષ્ટાચારીઓ વિરૂધ્ધ રિકવરી સહિત નિયમાનુસાર કાર્યવાહીની નોટિસ પાઠવતા ચોમેરથી આને આવકારી આવો ન્યાયિક નિર્ણય લેવા બદલ સબંધીત વિભાગના પ્રમાણિક અધિકારીઓને અભિનંદન આપવામાં આવેલ છે. અને ખાસ કરીને રામદેવસિંહના પ્રયાસોને પણ લોકોએ બિરદાવેલ છે.

## સાવરકુંડલા ખાતે સાયબર ક્રાઈમ વિશે સેમિનાર યોજાયો



સાવરકુંડલા, તા. ૨૦

સાવરકુંડલા ખાતે આવેલ નૂતન કેળવણી મંડળ સંચાલિત જે.વી.મોદી હાઈસ્કૂલમાં સાયબર ક્રાઈમ વિશે સેમિનાર યોજાયો. જેમાં સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનમાંથી નીતિનભાઈ ખસતીયા અનામે હેડ કોસ્ટેબલ તેમજ આઈ.ટી. નિષ્ણાંત અભિષેકભાઈ મહેતાએ વર્તમાન સમયમાં સાયબર ગુનાઓનું પ્રમાણ વધી રહ્યું છે. તેની માહિતી આપી હતી. જેમાં ઓનલાઈન ખરીદી ઓનલાઈન પેમેન્ટ વગેરે બાબતોમાં જે ચીટીંગ થઈ રહ્યું છે. તેના વિશે ઓડિયો વીડિયો દ્વારા માહિતી આપી હતી તેમજ ઓનલાઈન કસ્ટડી દ્વારા લોકોને છેતરવામાં આવે છે. એવું કશું જ નથી માત્ર એક છેતરપિંડી છે. આ બધામાંથી બચવા શું કરવું તેની માટે પોલીસ તંત્રની કઈ એપ અને કયા નંબર ઉપર જાણ કરવાથી તમે બચી શકો છો તેની સમજણ આપી હતી.

### વીજખેતીનો કેબલ હજુ લબડી રહયો છે

## ચલાલા : કેનાલપરા(ચરખા)માં એક ખેડુતનુ મોત થયુ છતાં પણ પીજીવીસીએલને કોઈ ફર્ક નથી

### ગ્રામજનોમાં પીજીવીસીએલ સામે ભયાનક નારાજગી



ચલાલા, તા. ૨૦

ચલાલા પીજીવીસીએલની ધોર બેદરકારીના કારણે ચલાલા પીજીવીસીએલ નીચે આવતું કેનાલ પરા (ચરખા) ના દેવચંદભાઈ ગોવિંદભાઈ પોલરાનું કમકમાટી ભર્યુ અવસાન થયાનો આક્ષેપ થઈ રહ્યો છે. ત્યારે મૃત્યુ પામેલ દેવચંદભાઈના ખેતર થી નજીક જ આવેલ ખેતરમાં પીજીવીસીએલની ધોર બેદરકારી સામે આવી છે આકસ્મિક મૃત્યુ પામેલ દેવચંદભાઈ ના ખેતર થી નજીક આવેલ ખેતરમાં પીજીવીસીએલનો ખેત વીજ કેબલ બે પોલ વચ્ચે સાવ નીચે આવી ગયેલ હોય જેથી ખેતરમાં કપાસ સહિતનો ખેતપાક ઉભો હોય ત્યારે ટ્રેક્ટર સહિત મજૂરો કામ કરતા હોય ત્યારે ગમે ત્યારે બે પોલ નીચે આવેલ વીજ વાયર થી અકસ્માતની પૂરેપૂરી સંભાવના રહેલી હોય અને માનવ જિંદગીનો ભોગ લેવાય તેવી શક્યતા હોય તેવું કેનાલપરા ચરખા ગામના યોગેશભાઈ ધનજીભાઈ અંટાળા સહિતના ગ્રામજનોએ જણાવેલ છે. ગ્રામજનોએ અનેક વખત ચલાલા પીજીવીસીએલ કચેરીમાં ફોલ્ટ વિભાગમાં ફોલ્ટ લખાવેલ હોવા છતાં ચલાલા પીજીવીસીએલ કચેરી દ્વારા આ નીચે પડેલો વીજ વાયર રીપેરીંગ થતો નથી તેથી કેનાલપરા (ચરખા)ના ગામના લોકોમાં પીજીવીસીએલ સામે આક્રોશ સાથે રોષ જોવા મળી રહ્યો છે. અને વહેલી તકે આ વીજ વાયર રીપેરીંગ થઈ જાય અને સંભવિત અકસ્માત ના થાય તેવી કેનાલપરા ગામના ગ્રામજનોની રજૂઆત સાથે માગણી છે.

### ધારાસભ્ય તળાવીયાની રજુઆત બાદ

## બાબરાનાં ખીજડીયા-કોટડા ગામના તળાવનાં સમારકામ માટે ૩૮ લાખ મંજુર

### ગ્રામજનોમાં ખુશીનો માશોલ છવાયો

બાબરા, તા. ૨૦

બાબરા તાલુકાના ખીજડીયા કોટડા ગામમાં આવેલા તળાવના સમાર કામ માટે રાજય સરકારે ૩૮ લાખનો ખર્ચ મંજૂર કર્યો છે. આ તળાવના રિપેરિંગની સૈદ્ધાંતિક મંજૂરી મળતાં સ્થાનિક લોકોમાં ખુશીનો માહોલ છે. આ કામગીરી માટે ધારાસભ્યએ સતત રજૂઆતો કરી હતી. ખીજડીયા કોટડા ગામનું આ તળાવ છેલ્લા ઘણા સમયથી જર્જરિત હાલતમાં હતું. વરસાદી પાણીનો સંગ્રહ ન થવાને કારણે આસપાસના વિસ્તારમાં



ભૂગર્ભજળના સ્તરમાં ઘટાડો થયો હતો. આ સમસ્યાને ધ્યાનમાં રાખીને, લાઠી–બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ સરકારમાં અનેકવાર રજૂઆતો કરી હતી અને તેના પરિણામ સ્વરૂપે ૩૮ લાખના ખર્ચે તળાવના સમારકામ માટે સૈદ્ધાંતિક મંજૂરી મળી છે. આ કામગીરીમાં તળાવનું નવીનીકરણ, પાળાનું સમારકામ, ઊંડું ઉતારવું અને ગેટ–રેલિંગ સહિતના કામો હાથ ધરવામાં આવશે. આ પ્રોજેક્ટ પૂર્ણ થવાથી પાણીનો સંગ્રહ વધશે, જેનાથી ભૂગર્ભજળનું સ્તર ઊંચું આવશે અને ખેડૂતોને પણ ફાયદો થશે. તળાવના વિકાસથી ગામની સુંદરતામાં પણ વધારો થશે અને પશુઓ માટે પણ પાણીની સુવિધા ઉપલબ્ધ થશે. ધારાસભ્યએ આ મંજૂરી બદલ રાજય સરકાર અને સંબંધિત વિભાગનો આભાર વ્યક્ત કર્યો છે.

## પીપળવા ગામે પ્રાકૃતિ કૃષિ સંદર્ભે કિસાન ગોષ્ઠિ યોજાઈ



અમરેલી, તા. ૨૦

અમરેલી આત્મા પ્રોજેક્ટ દ્વારા લીલીયા તાલુકાના પીપળવા ગામે પ્રાકૃતિક કૃષિ સંદર્ભે કિસાન ગોષ્ઠિ યોજાઈ હતી.

આ કિસાન ગોષ્ઠિમાં લીલીયા તાલુકામાં પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ સાથે જોડાઈને પ્રાકૃતિક કૃષિ માટે ખેડૂતોને પ્રેરિત કરવાનું કામ કરતા કૃષિ સખી અને કોમ્યુનિટી રિસોર્સ પર્સન – CRPને પ્રાકૃતિક ખેતી અંગે તાલીમ આપવામાં આવી તથા પીપળવા ગામે પ્રાકૃતિક ખેતી કરતા નિકુંજભાઈ ભેડાના પ્રાકૃતિક કૃષિના મોડલ ફાર્મ પર પ્રત્યક્ષ નિદર્શન કરાવવામાં આવ્યું હતું. ઉપરાંત જીવામૃત અને ઘન જીવામૃત બનાવવાની પદ્ધતિની પણ સ્થળ ઉપર જાણકારી આપવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં આત્મા પ્રોજેક્ટ અમરેલીના પ્રોજેક્ટ ડાયરેક્ટર મહેશભાઈ ઝીડ, ડેપ્યૂટી પ્રોજેક્ટ ડાયરેક્ટર દિલીપભાઈ ચાવડા ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત લીલીયા તાલુકાના આસિસ્ટન્ટ ટેકનોલોજી મેનેજર કુલદીપ બોરસાણીયા તેમજ પ્રાકૃતિક વિકાસ બોર્ડના અધિકારી–કર્મચારીઓએ હાજરી આપી હતી.

### ખોડલધામ સમિતિ દ્વારા

## બાબરા ખાતે લેઉવા પટેલ સમાજની વાડીમાં નવરાત્રિ મહોત્સવ ઉજવાશે

### સમગ્ર પંથકનાં લેઉવા પટેલનાં ખેલૈયાઓ કરશે જમાવટ

બાબરા, તા. ૨૦

બાબરામાં બાબરા શહેર અને તાલુકા ખોડલધામ સમિતિ દ્વારા અહીં સરદાલ સર્કલ પાસે આવેલ લેઉવા પટેલ સમાજની વાડીમાં નવરાત્રી મહોત્સવનું ભવ્ય આયોજન કરાયું છે.

સમાજના દીકરી દીકરા અને વડીલો એક જગ્યાએ ભગવતીની આરાધના અને માતાજીના નવલા નોરતા રમી શકે તેવું વિશાળ આયોજન કરવામાં આવ્યું છે.

ખોડલધામ અને લેઉવા પટેલ સમાજના અગ્રણીઓ પ્રવીણભાઈ કરકર, અજિતભાઈ ખોખરીયા, જગદીશભાઈ નાકરાણી, કપિલભાઈ ચોવટિયા, લલિતભાઈ વેકરિયા, હિતેષભાઈ કલકાણી, શંભૂભાઈ પાંચાણી, ભૌતિકભાઈ કરકર, ધર્મેશભાઈ વાવડીયા, મગનભાઈ કોઠીયા, હરેશભાઈ જોગાણી, સહિતના અગ્રણીઓ દ્વારા હાલ નવરાત્રીનું ભવ્ય આયોજન અહીં લેઉવા પટેલ સમાજની વાડી ખાતે કરવામાં આવી રહ્યું છે

### ૨૦ ગામની જનતાનાં હિતમાં

## મહુવા-સુરત વચ્ચે દોડતી ટ્રેનને વીજપડી ખાતે સ્ટોપ આપવા માંગ

વીજપડી, તા. ૨૦

મહુવા થી સુરત તથા બાંદ્રા જતી આવતી ટ્રેનને વીજપડી રેલ્વે સ્ટેશન પર સ્ટોપ આપવા નિર્મળ વાટલિયા એ વેસ્ટર્ન રેલ્વેના હેડ ક્વાર્ટર ને સંબોધી ને રજુઆત કરી છે.

જેમા તેમણે જણાવ્યુ છે કે વીજપડી સ્ટેશન પર આજુબાજુના વિસ ગામોના મુસાફરો દરરોજ સુરત તથા મહુવા જવા માટે મુસાફરી કરે છે. પરંતુ તેના માટે મુસાફરોએ ૫૦ કિલોમીટર દુર રાજુલા જંક્શન તથા સાવરકુંડલા જવુ પડી રહ્યુ છે. જોકે વીજપડી સ્ટેશન પર આ બન્ને ટ્રેનો ક્રોસિંગ દરમિયાન અવાર નવાર અંહિ સ્ટોપ લે છે. પરંતુ જો આ સ્ટેશન પર સ્ટોપ તથા ટીકીટની વ્યવસ્થા કરવા આવશે તો વીસ ગામના મુસાફરોની યાત્રા સરળ બનશે.

## કર ચલે હમ ફિદા જાન, તન સાથિયો અબ તુમ્હારે હવાલે, વતન સાથીયો

# દેશની સુરક્ષા કરતાં જવાન શહીદ થતાં પૂર્ણ સન્માન સાથે અંતિમ વિદાય અપાઈ

**દામનગરનાં ધામેલ ગામનાં જવાન મેહુલભાઈ ભરવાડનાં પાર્થિવદેહને વતનમાં અંતિમ વિદાય અપાઈ**

**વીર જવાનનાં અંતિમ દર્શન કરવા માટે મોટી સંખ્યામાં દેશપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા**

**નાગરિકો દ્વારા અશ્રુભીની આંખે વીર જવાનને શ્રદ્ધાંજલિ પાઠવવામાં આવી**

**જિલ્લાનાં રાજકીય અને સામાજિક આગેવાનોએ પણ વીર જવાનને ભારે હૈયે વિદાય આપી**



અમરેલી, તા. ૨૦

જમ્મુ–કાશ્મીરમાં દેશની રક્ષા કરતા શહીદ થયેલા અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના ધામેલ ગામના વીર જવાન મેહુલભાઈ ભરવાડને આજે તેમના વતન ધામેલ ખાતે ગાર્ડ ઓફ ઓનર સાથે અંતિમ વિદાય આપવામાં આવી હતી. જમ્મુ કાશ્મીર ખાતે આંતકવાદી હુમલામાં શહીદ થયેલા શહીદના પાર્થિવ દેહને માદરે વતન લાવવામાં આવતા સમગ્ર પંથકમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો.

શહીદ મેહુલભાઈના પાર્થિવ દેહને પ્રથમ દામનગરની એમ.સી. મહેતા હાઈસ્કૂલમાં શ્રદ્ધાંજલિ અર્પણ કરવા માટે રાખવામાં આવ્યો હતો. આ પ્રસંગે સાંસદ ભરતભાઈ સુતરીયા, ધારાસભ્ય કૌશિકભાઈ વેકરિયા, જનકભાઈ તળાવીયા, મહેશભાઈ કસવાલા, જે.વી. કાકડિયા સહિત મોટી સંખ્યામાં લોકોએ શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા. દામનગરથી ધામેલ સુધી શહીદની અંતિમયાત્રામાં હજારોની સંખ્યામાં લોકો જોડાયા હતા. 'શહીદ મેહુલભાઈ અમર રહો' અને 'ભારતમાતા કી જય'ના નારા સાથે વાતાવરણ ગુંજી ઉઠયું હતું. ધામેલ ગામમાં શહીદ મેહુલભાઈના નિવાસસ્થાને તેમના પરિવારજનો અને ગ્રામજનોએ ભારે હૈયે અંતિમ દર્શન કર્યા હતા. શહીદને ગાર્ડ ઓફ ઓનર આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા અને ત્યારબાદ પૂર્ણ સન્માન સાથે તેમની અંતિમવિધિ કરવામાં આવી હતી. શહીદની શહાદતથી ગામ અને સમગ્ર વિસ્તારમાં ગર્વની લાગણીની સાથે સાથે શોકની લાગણી પણ જોવા મળી હતી.

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
99,700/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૨૦/૦૯/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬




અમરેલીના જુના માર્કેટયાર્ડમાં
દુકાન વેચવાની છે...
અમરેલીના જુના માર્કેટયાર્ડમાં 'કળશ મોલ' ની બાજુમાં આવેલ મોકાની દુકાન વેચવાની છે.
:: સંપર્ક કરો ::
મો. ૭૮૭૪૩ ૯૩૪૮૪
















*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)